આજનો સુવિચાર

જે મદદ કરી શકે એજ ધનનો માલિક છે બાકી બધા તો સંપતિનાં ચોકીદાર છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૧૪ જૂનાગઢ તા.૨૩-૮-૨૦૨૧ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

## રાહતનાં સમાચાર : કોરોનાની ત્રીજી લહેરની આશંકા નહિવત

કાનપુર તા. ૨૩: કોરોનાનાકહેર વચ્ચેદેશવાસીઓમાટે એક રાહતના સમાચાર આવ્યા છે. કાનપુર આઈઆઈટીના સીનીયર વૈજ્ઞાનિક પ્રો. મણીન્દ્ર અગ્રવાલેદાવો કર્યો છે કે કોરોના સંક્રમણની ત્રીજી લહેરની શક્યતા હવે નહીંવત છે. તેનું મુખ્ય કારણ મોટા પ્રમાણમાં રસીકરણ હોવાનું જણાવ્યું છે. મહામારી અંગે નવો અભ્યાસ પ્રો. અગ્રવાલે ગણીતીય સૂત્ર મોડલના આધારે બહાર પાડયો છે. તેના અનુસાર સંક્રમણ હવે સતત ઘટતું જશે તો યુપી, બિહાર, દિલ્હી જેવા રાજ્યો સંક્રમણથી લગભગ મુકિત તરફ છે. અભ્યાસ અનુસાર દેશમાં કોરોનાના એકટીવ કેસ ઓકટોબર સુધી ૧૫ હજાર આસપાસ રહેશે. આવું એટલા માટે થશે કેમકે તમિલનાડુ, તેલંગાણા, કેરળ, કર્ણાટક, આસામ, અરૂણાચલ સહિત પૂર્વોત્તરના રાજ્યોમાં સંક્રમિતો આવતા રહેશે. અગ્રવાલ સતત અભ્યાસ દ્વારા રિપોર્ટ બહાર પાડીને સરકારને એલર્ટ કરતા રહે છે. બીજી લહેર બાબતે તેમનો દાવો મોટાભાગે સાચો પણ સાબિત થયો. તેમણે ઓકટોબર સુધીનું પોતાનું નવું પ્રિડક્શન જાહેર કરીને દાવો કર્યો છે કે ત્રીજી લહેરની આશંકા લગભગ શૂન્ય છે. રિપોર્ટ અનુસાર ઓકટોબર સુધીમાં યુપી, બિહાર, દિલ્હી, મધ્યપ્રદેશમાં કોરોનાના એકટીવ કેસ એક આંકડામાં પહોંચી જશે.

પ્રો. અગ્રવાલ અનુસાર લોકડાઉન અને રસીકરણનો ઘણો લાભ મળ્યો હોવાનું દેખાય છે. બીજી લહેર પછી મોટાભાગના લોકોમાં હર્ડ ઈમ્યુનિટી બની ગઈ છે તો ઝડપથી ચાલી રહેલા રસીકરણ અભિયાનની અસર પણ મહામારીને રોકવામાં કારગત રહેશે. ત્રીજી લહેરની શક્યતા બાબતે વૈજ્ઞાનિકો સતત ચિંતા વ્યકત કરવાની સાથે અલગ અલગ દાવાઓ કરી રહ્યા હતા. પ્રો. અગ્રવાલ બીજી લહેર પછી મે મહિનાથી કહી રહ્યા હતા કે ત્રીજી લહેર ખતરનાક નહીં હોય. એ બીજી લહેરથી બહુ નબળી રહેશે. તેમણે મે માસમાંજ દાવો કર્યો હતો કે રસીકરણ બરાબર થશે અને લોકો કોવિડ પ્રોટોકોલનું બરાબર પાલન કરશે તો ત્રીજી લહેર ન હોવા બરાબર રહેશે.

### શ્રમ અને કાનુન નિયમોમાં ફેરફાર કરવા કેન્દ્ર સરકારની કવાયત

## ઓફિસ કામકાજનાં કલાકો ૮ને બદલે ૧૨ કરાશે ? નિવૃતિ લાભની રકમ પણ વધશે

નવી દિલ્હી તા. ૨૩ : કેન્દ્રની મોદી સરકાર તા. ૧ઓકટોબરથી શ્રમ કાયદાના નિયમોમાં બદલાવ કરવાની તૈયારીમાં છે. જોઆ નિયમ લાગુ થયુ તો તા.૧ ઓકટોબરથી તેમનો ઓફિસ ટાઈમ વધી જશે. નવા શ્રમ કાયદામાં ૧૨ કલાક કામ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત હેન્ડ સેલેરી ઉપર પણ કાયદાની અસર થશે. નવો લેબર કોડથી ઘણા ફેરફાર જોવા મળશે.

નવા ડ્રાફટના નિયમ મુજબ મૂળ પગાર કુલ પવારના ૫૦ ટકા અથવા તેનાથી વધુ હોવો જોઈએ તેનાથી વધુ પડતા કર્મચારીઓનો પગાર સંરચના બદલશે. કારણ કે પગારનો ભથ્થા વગરનો ભાગ સામાન્ય રીતે કુલ સેલેરીનો ૫૦ ટકાથી ઓછો હોય છે. બીજી બાજુ કુલ પગારમાં ભથ્થાનો ભાગ વધારે વધે છે. મૂળ પગાર વધવાથી પીએફ પણ વધશે જેનો અર્થ છે કે ટેક હોમ અથવા હાથમાં આવતા પગારમાં ઘટાડો થશે. ગ્રેચ્યુટી અને પીએફમાં યોગદાન વધવાથી રીટાયરમેન્ટબાદ મળતી રકમમાં વધારો થશે તેનાથી લોકોને રિટાયરમેન્ટ બાદ સુખદ જીવન જીવવામાં સરળ હશે. વધુ ચુકવણી કરતા અધિકારીઓના પગાર સંરચનામાંસૌથી વધુ બદલાવ આવશે અને તેના લીધે સૌથી વધુ પ્રભાવિત થશે.

પીએફ અને ગ્રેચ્યુટી વધવાથી કંપનીઓના ખર્ચમાં વધારો થશે. કારણ કે તેને પણ કર્મચારીઓ માટે પીએફમાં વધુ યોગદાન આપવું પડશે. આ વસ્તુથી કંપનીઓની બેલેન્શ શીટ પણ પ્રભાવિત થશે.

ઓએસએચ કોડના ડ્રાફટ નિયમોમાં ૧૫થી ૩૦ મિનિટ વચ્ચે યોગ્ય કામકાજને પણ ૩૦ મીનીટ ગણીને ઓવરટાઈમમાં સામેલ કરવાની જોગવાઈ છે. હાલના નિયમમાં ૩૦ મીનીટથી ઓછા સમયને ઓવરટાઈમ યોગ્ય માનવામાં આવતો નથી. ડ્રાફટ નિયમોમાં કોઈ પણ કર્મચારીને પાંચ કલાકથી વધુ સતત કામ કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. કર્મચારીઓને દર પાંચ કલાક બાદ અડધા કલાકનો વિશ્રામ આપવાના નિર્દેશ પણ ડ્રાફટ નિયમોમાં સામેલ છે.

## દેશમાં જાતિ આધારીત વસ્તી ગણતરીનાં મુદે નિતિશનાં નેતૃત્વમાં ૧૦ રાજકીય પક્ષોનાં નેતાઓની વડાપ્રધાન સાથે બેઠક યોજાઈ

નવી દિલ્હી તા. ૨૩

જાતિ આધારિત વસ્તી ગણતરી ઉપર આજે મોટી જાહેરાત થઈ શકે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિત ૧૧ રાજકીય પક્ષોના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વડાપ્રધાન કાર્યાલય ખાતે મુલાકાત કરી છે. વડાપ્રધાન મોદી સાથે મુલાકાત બાદ દરેક આ મુદ્દે કોઈ નિર્ણય લેશે. એવી અપેક્ષા છે કે બિહાર સરકાર તેના સ્તરે જાતિ વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લઈ શકે છે.

જાતિ આધારિત વસ્તી ગણતરી કરવાની માંગ મુદ્દે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં રાજ્યની ૧૦ પાર્ટીઓના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી રહ્યા છે. જેમાં આરજેડી નેતા તેજસ્વી યાદવ, જેડીયુના શિક્ષણ મંત્રી વિજય કુમાર ચૌધરી, ભાજપના ખાણ ભૂસ્તર મંત્રી જનક રામ, કોંગ્રેસ નેતા અજીત શર્મા, સીપીઆઈ નેતા મહેબૂબ આલમ, એઆઈએમઆઈએમના અખ્તરૂલ ઈમાન, પૂર્વ મુખ્યમંત્રી અને હમ સુપ્રીમો જીતન રામ માંઝી, મુકેશ સાહની, સીપીઆઈ નેતા સૂર્યકાંત પાસવાન અને સીપીએમ નેતા અજય કુમાર સામેલ છે..

આ નેતાઓની માંગ છે કે દેશમાં જાતિના આધારે વસ્તી ગણતરી થવી જોઈએ, જેથી પછાત જાતિઓના વિકાસને વેગ મળી શકે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે સમય માંગતો પત્ર લખ્યો હતો અને ૧૯ ઓગસ્ટના રોજ તેમને વડાપ્રધાન તરફથી જવાબ મળ્યો હતો. પત્રમાં ૨૩ ઓગસ્ટનો સમય આપવામાં આવ્યો હતો.

બિહારમાં ફરી એકવાર જાતિ આધારિત વસ્તી ગણતરીનો મુદ્દો ગરમાયો છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત મુખ્યમંત્રી નીતીશ કુમાર સાથે, તેજસ્વી યાદવ અને અન્ય ઘણા નેતાઓ દેશમાં જાતિની વસ્તી ગણતરી કરવાની માંગ કરી રહ્યા છે.

## ઉત્તરાખંડમાં ભાજપ દ્વારા શ્રીરામ તો કોંગ્રેસ દ્વારા શ્રીગણેશનો નારો

દેહરાદૂન,તા. ૨૩: અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના મહાસચિવ અને ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતે બીજેપી પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી રાજકીય લાભ માટે હિન્દુ શબ્દને હાઈજેક નથી કરી શકતી. પાર્ટીએ ભારતીય જનતા પાર્ટી વિરૂધ્ધ હવે જય શ્રી ગણેશનો નારો આપ્યો છે. ઉલ્લેખનીય છે કે આવતા વર્ષની શરુઆતમાં ઉત્તરાખંડમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. ૨૦૨૨ માટે ચૂંટણી અભિયાનનું નેતૃત્વ હરીશ રાવત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, ભાજપે હિન્દુઓને માત્ર વોટ બેંક બનાવી દીધા છે. હું આમ નહીં થવા દઉ.

ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, અમે સનાતન ધર્મના અનુયાયી છીએ, જે લોકો અને ધર્મો વચ્ચે સદ્ભાવ અને શાંતિનો આદેશ આપે છે. જો કે, ભાજપ હંમેશા ધર્મ અને જાતિના નામ ઉપર લોકો વચ્ચે મતભેદ ઉભા કરવાના પ્રયત્નો કરે છે. જય શ્રી ગણેશનનો નારો રાજયમાં પાર્ટીના ચૂંટણી અભિયાનને વેગ આપશે. તેમણે કહ્યું કે, કોઈ પણ શુભ કાર્ય કરતા પહેલા ભગવાન ગણેશને યાદ કરવામાં આવે છે અને તેમની પૂજા કરવામાં આવે છે, માટે અમે આ નારો પસંદ કર્યો છે. શ્રી ગણેશ એક નવી શરૂઆતનો સંદર્ભ છે અને ભગવાન ગણેશને વિધ્નહર્તા તરીકે ઓળખવામાં આવે છે.

## ધો. ૧૨ સામાન્ય પ્રવાહ રીપીટર વિદ્યાર્થીઓનું માત્ર ૨૭.૮૩ ટકા પરીણામ જાહેર

અમદાવાદ તા. ૨૩ : આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના રિપીટર વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ૧૨ સામાન્ય પ્રવાહના કુલ ૧,૩૦,૩૮૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે ફોર્મ ભર્યું હતું પરંતુ તેમાં ૧,૧૪,૧૯૩ વિદ્યાર્થીઓએ જ પરીક્ષા આપી હતી. જેમાંથી માત્ર ૩૧,૭૮૫ વિદ્યાર્થીઓ જ પાસ થયાં છે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૨૭.૮૩ ટકા પરિણામ આવ્યું છે. આ પરીક્ષાનું આજે સવારે ગુજરાત બોર્ડની વેબસાઈટ ઉપર પરિણામ જાહેર થયું છે. ધોરણ ૧૨ સામાન્યપ્રવાહમાં કુલ ૮૯,૧૦૬ રિપીટર વિદ્યાર્થીઓમાંથી ૭૮,૨૧૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૯,૦૩૨ વિદ્યાર્થીઓ પાસ થયાં હતાં. જ્યારે વિદ્યાર્થીઓની વાત કરીએ તો ૪૦,૭૨૭ વિદ્યાર્થીનીઓમાંથી ૩૫,૪૩૯ વિદ્યાર્થીનીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૧૨,૫૬૪ વિદ્યાર્થીનીઓ પાસ થઈ હતી. જેમની ટકાવારી જોઈએ તો ૩૫.૪૫ ટકા છે. જ્યારે વિદ્યાર્થીઓમાં ૨૪.૩૧ ટકા વિદ્યાર્થીઓ જ પાસ થયાં છે. એટલે કે વિદ્યાર્થીનીઓ વધુ સંખ્યામાં પાસ થઈ છે.

## ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદીનો જન્મદિવસ કેવડીયાની મુલાકાતે આવે તેવી શકયતા

કેવડિયા તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરે કેવડિયા આવે તેવી શક્યતા છે. વડાપ્રધાન મોદીના જન્મદિવસે કેવડિયામાં નર્મદા મૈયાની મહાઆરતી થાય તેવી શક્યતા છે. કેવડિયા નજીક ગોરા ગામના નર્મદા નદીના કિનારે ૧૪ કરોડના ખર્ચે નર્મદા ઘાટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ નર્મદા ઘાટ ઉપર વડાપ્રધાન મોદી દ્વારા નર્મદા આરતીનો પ્રારંભ કરવામાં આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

હરિદ્વાર અને વારાણસી જેવી આરતી નર્મદા ઘાટ ઉપર રોજ કરવામાં આવશે. આ આરતી કેવી રીતે થાય છે, તે જોવા માટે કેવડિયાના અધિકારીઓ વારાણસી જઈ આવ્યા હતા. નર્મદા મૈયાની આરતી માટે હાલ તંત્ર સજ્જ થઈ ગયું છે. કેવડિયાની સામે કિનારે ગોરા ગામે નર્મદા નદીના કિનારે ૧૪ કરોડના ખર્ચે વિશાળ ઘાટ બનીને તૈયાર છે. શૂલપાણેશ્વર મંદિરથી સીધા ઘાટ ઉપર જવાય એવો રસ્તો પણ બનીને તૈયાર છે. આ ઘાટ ૧૩૧ મીટર લાંબો અને ૪૭ મીટર પહોળો છે. પીએમ મોદી આ ઘાટ ઉપર નર્મદા મૈયાની મહાઆરતી કરશે.

૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આવવાની વાતને લઈને તંત્ર તૈયારીમાં લાગી ગયું છે. આ સમયે મોદી નર્મદા ઘાટની આરતી સહિત અન્ય ૫૦ કરોડથી વધુના પ્રોજેક્ટો જેમાં ઈ-કાર, ભૂલભૂલૈયા ગાર્ડન, સહિત પ્રોજેક્ટોને ખુલ્લા મુકશે. આ સાથે જંગલ સફારીની પણ વિઝીટ કરીને નવા બંગાળ ટાઈગરની જોડીને જોવા જઈ શકે એવી હાલ શક્યતા જોવા મળી રહી છે.

## અફઘાનિસ્તાનનાં પંજશીર પ્રાંતમાં વિદ્રોહ : ૩૦૦ તાલીબાની ઠાર

કાબુલ, તા.૨૩: અફઘાનિસ્તાનમાં ફરી એકવાર પોતાની સરકાર બનાવવાની તૈયારી કરી રહેલ તાલિબાનને પંજશીરના લડવૈયાઓ તરફથી જોરદાર ટક્કર મળી રહી છે. અફઘાન સેનાએ ભલે ઘણા વિસ્તારોમાં લડ્યા વિના આત્મસમર્પણ કર્યું હોય પરંતુ પંજશીરમાં તાલિબાન માટે ઘણા પડકારો ઉભા છે. હવે પંજશીરના લડવૈયાઓએ દાવો કર્યો છે કે તેઓએ એક હુમલામાં ૩૦૦ તાલિબાનને મોતને ઘાટ ઉતાર્યા છે.

પંજશીરના લડવૈયાઓએ છુપાઈને તાલિબાનીઓ ઉપર મોટો હુમલો કર્યો હતો. આ હુમલામાં તાલિબાનીઓને મોટું નુકસાન થયું છે. આ સાથે પંજશીરના લડવૈયાઓએ જોર આપીને કહ્યું છે કે, તેઓએ આ હુમલામાં ૩૦૦ તાલિબાનીઓને મારી નાખ્યા છે.

## કાબુલ ગુરૂદ્વારામાં ફસાયેલા ૨૬૦ શીખોને સહી સલામત બહાર કાઢવા ભારત સરકારને અપીલ

વોશીંગ્ટન તા. ૨૩

અમેરિકી શીખ સંગઠને અફઘાનિસ્તાનમાં ફસાયેલા શીખોને બહાર કાઢવામાં ભારત સરકાર મદદ કરે તેવી અપીલ કરી છે. જેમાં જણાવાયા મુજબ કાબુલ સ્થિત ગુરુદ્વારામાં હજુ પણ ૨૬૦ શીખો ફસાયેલા છે જેમાં ૫૦ બાળકો અને ૩ નવજાત શિશુઓ તથા મહિલાઓ સહીત ૨૬૦ અફઘાની શીખોનો સમાવેશ થાય છે. તેમને બહાર કાઢવામાં ભારત મદદ કરે . અમેરિકન શીખ સંગઠને ઉમેર્યું હતું કે તાલિબાને દેશ ઉપર કબ્જો જમાવ્યા પછી હવે માત્ર ભારત જ અફઘાન શીખોને બહાર કાઢવામાં મદદ કરી રહ્યું છે. જોકે, અમે અમેરિકા, કેનેડા, પાકિસ્તાન, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, તાજિકિસ્તાન, ઈરાન અને યુકે સરકાર સાથે પણ વાતચીત કરી રહ્યા છીએ.

## આજે દેશભરમાં જ્વેલર્સની સજ્જડ હડતાલ

નવી દિલ્હી તા. ૨૩ : સોનાના ઘરેણા ઉપર હોલમાર્કીંગની યુનિક આઈડી એટલે કે HUIDને લઈને દેશભરનાં જ્વેલર્સ ભારે નારાજ છે જેનો પડઘો પાડવા આજે જ્વેલર્સે દેશમાં એક દિવસની હડતાલ પાડી છે. જ્વલર્સનું કહેવું છે કે હોલમાર્ક તો ઠીક છે પણ HUID કોઈપણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ગુજરાતના જ્વેલર્સ પણ હડતાલમાં જોડાયા છે. માત્ર ગુજરાતમાં જ એક દિવસની હડતાલથી રૂા. ૫૦૦ કરોડનું ખરીદ - વેચાણ અટકી ગયું છે.

## કોરોના મહામારીને કારણે રેલ્વેને રૂા.૩૬૦૦૦ કરોડનો ધુંબો લાગ્યો

નવી દિલ્હી તા. ૨૩:કોરોના મહામારી વચ્ચે લોકડાઉનમાં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો થતા રેલવેને ૩૬,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ સમયગાળામાં રેલવેને ખરી આવક ગુડ્સ ટ્રેનને કારણે થઈ છે, એવી માહિતી કેન્દ્રીય પ્રધાન રાવસાહેબ દાનવેએ આપી હતી. આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે મુંબઈ-નાગપુર બુલેટ ટ્રેન પ્રોજેકટ મુંબઈ-નાગપુર એકસપ્રેસ-વેની સમાંતર હશે, જે હાલમાં નિર્માણ હેઠળ છે.

ભાડે / વેચાણથી આપવાનું છે

બહાઉદીન કોલેજની સામે મેરીગોલ્ડ-૩માં બીજા માળે, રોડ ટચ ૧૬૦૦ સ્કે.ફુટ કોર્નરનું (કાર્પેટ), પુજારા મોબાઈલ ઉપર ભાડે - વેચાણથી આપવાનું છે.

મો. ૯૮૨૫૯ ૧૮૯૧૭

જુન બેચમાં પ્રવેશ ચાલુ...

ધો. ૧૨ પછી શું ?

ઓલ ઈન્ડીયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ - સંચાલિત

સેનેટરી ઈન્સ્પેકટર (SI) ડિપ્લોમાં કોર્ષ

છેલ્લી તક

જીલ્લા પંચાયત દ્વારા mphw, PHC, UHC સેન્ટર, નગરપાલિકા, મહા નગરપાલિકામાં, રેલ્વે, પોર્ટ, એરપોર્ટ, મલ્ટીનેશનલ કંપનીઓ, તારાંકિત હોટલો, દવાખાના વગેરે અનેક જગ્યાએ નોકરીની વિશાળ તક..

જીએસપી સ્કૂલ

સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી, ગ્રાંધીગ્રામ, જૂનાગઢ.

ફોન : ૦૨૮૫-૨૬૫૩૪૭૦/૮૮૬૬૨ ૬૨૬૫૬

ભાવસારનું આયુર્વેદિક ® રોસાલીન માલિશ તેલ




સાંધાના દુ:ખાવામાં રાહત

ગરદન | કમર ઘૂંટન | એડી તેમજ સાંધાના દુ:ખાવામાં રાહત આપે.

ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વાપી Customer Care: 02626 220015

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત

(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Magnet

Shop No.1, Opp. Abhisek Complex, Nr. Pipaliyano Delo,
M.G. Road, Junagadh. MO. 97120 14200

Mayur
Kid's & Family Wear



Execlusive Familywear Show Room

10 -11 & 19-20, Jenili Shopping Centre,
M.G. Road, Junagadh. Mo. 95863 72822



# પેગાસસ મામલે ગુજરાતનાં પૂર્વ અધિક ગૃહસચિવ, ડીજીપી સહિતના ઉચ્ચ અધિકારીઓ સામે ગંભીર આક્ષેપો થતા ખળભળાટ

## વડોદરાના એક્ટિવિસ્ટે પેગાસસ કે અન્ય સોફ્ટવેરના ઉપયોગથી મોબાઈલ ફોનની જાસૂસી કરવા બદલ ગુનો નોંધવા સાથે તપાસ સમિતિ રચવાની માંગણી કરી

વડોદરા તા.૨૩

ગુજરાત રાજયના પોલીસવડા સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓએ પેગાસસ સોફટવેરનો ગેરકાયદેસર ઉપયોગ કરી મારા અંગતઅને અન્યના મોબાઈલ ફોનની જાસૂસી કરી એકબીજાને મદદગારી કરી હોવાથી એમની સામે ગુનો નોધી ધરપકડ કરી તપાસ સમિતિની રચના કરવા વડોદરાના જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને લેખિતમાં ઉગ્ર ફરિયાદ કરી છે. જેના પગલે રાજ્યના પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. મહત્ત્વની વાત તો એ છે કે નાગરિક દ્વારા મુખ્યમંત્રીને અલગથી કરાયેલી અરજીમાં ડીજીપીને સ્વૈચ્છિક નિવૃત્તિ નહીં આપવા અને વિદેશ જવા ઉપર પ્રતિબંધ મૂકવાની માંગ પણ કરવામાં આવી છે. જેની મુખ્યમંત્રી કાર્યાલયે ગંભીર નોધ લીધી છે. ગુજરાત રાજયના ઈતિહાસમાં પ્રથમવાર ડીજીપી અને સચિવ કક્ષાના અધિકારીઓ ઉપર આવા ગંભીર આરોપ લગાવી કાર્યવાહી કરવાની પુરાવા સહિત માંગ કરવામાં આવી છે, જેને લઈને ગૃહ મંત્રાલય અને પોલીસ વિભાગ ચોકી ઊઠયું છે. વડોદરાના ભાયલી વિસ્તારની નવરચના ઈન્ટરનેશનલ સ્કૂલ નજીક રહેતા વિપુલ રામજીભાઈ પટેલે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, અધિક મુખ્ય સચિવ પંકજકુમાર અને ચીજ જસ્ટિસ ઓફ ગુજરાત હાઈકોર્ટને સજ્જડ પુરાવાઓ રજૂ કરી જાસૂસી નેટવર્ક ચલાવવા બદલ ઉચ્ચ અધિકારીઓ સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરવા અને હાઈલેવલ તપાસ સમિતિની રચના કરી તપાસ કરવા માંગ કરી છે. જુદા જુદા ૨૦ જેટલા સત્તાવાર પુરાવા જેમાં ઉચ્ચ અધિકારીઓના હસ્તાક્ષર સહિતના પત્રોની સર્ટિફાઈડ નકલો પણ જોડીને મુખ્યમંત્રી સહિત અન્યોને કરાવેલી લખિતમાં આરટીઆઈથી અને અદાલતમાંથી મેળવેલી સત્તાવાર નકલો વિપુલ પટેલે સામેલ કરી છે. હાલના રાજ્યના પોલીસવડા અને તે સમયે એસીબીના નિયામક રહેલા આશિષ ભાટિયાએ એમના કાર્યકાળ દરમ્યાન પેગાસસ કે અન્ય સોફટવેરનો ગેરકાયદેસર ઉપયોગ કરી મારા અંગત અને અન્યોના મોબાઈલ ફોનની જાસૂસી કરી હોવાનું તેમણે જણાવ્યું છે. ખરેખર તો રાજયની લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો સહિત દેશના કોઈપણ રાજ્યની એસીબીને આવા કોલ ઈન્ટરસેપ્ટ કે સીડીઆર કઢાવવાની કાયદેસરની કોઈ સત્તા જ નથી અને રાજ્યના ગૃહ વિભાગે પણ કાયદેસરના ડિજિટલ વોઈસ લોગર સહિતના ઉપકરણો તેમજ તાલીમબદ્ધ સ્ટાફ એસીબીને ફાળવેલ નહી હોવાનું સ્વીકાર્યું છે. આમ પણ કેન્દ્રની મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર અને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન દ્વારા ઈન્ડિયન ટેલિગ્રાફ એક્ટ ૧૮૮૫ના રૂલ્સ ૪૧૯-એ, ૧૯૫૧ હેઠળ ફોન ટેપિંગ કરવા કોલ ડિટેઈલ રેકોર્ડ કઢાવવા એસીબી એ માન્યતા પ્રાપ્ત એજન્સી નથી, તેમ છતાં ઉચ્ચ અધિકારીઓએ એકબીજાને સાથસહકાર આપી આવા ગેરકાયદેસર અને ગંભીર ગુનાહિત કૃત્યમાં એકબીજાને મદદગારી કરી હોવાનું મારી પાસે રહેલા પુરાવામાં સ્પષ્ટ રીતે સાબિત થતું હોવાનું લેખિત રજૂઆતમાં વિપુલ પટેલે જણાવ્યું છે. મોટું જાસૂસી નેટવર્ક ચલાવવા બાબતે કરેલી રજૂઆતમાં ફોનટેપિંગ અંગે કરવામાં આવેલા સંખ્યાબદ્ધ પત્રવ્યવહાર અંગે ખુદ ગુજરાત લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ પત્રોમાં જણાવ્યું છે. આરટીઆઈના જવાબમાં પણ ઈન્ટરસેપ્સનને લગતી ગુપ્ત માહિતી હોવાથી આપી શકાય નહીં તેમ જણાવાયું છે. જેથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે, માત્ર ૨૦૧૫થી ૨૦૧૬ના એક વર્ષના ગાળામાં જ ૪૦૦થી વધુ પત્રવ્યવહારો ગેરકાયદેસર રીત ફોન ટેપિંગ કામગીરીના સંદર્ભે કરાયા છે. એક તરફ રાજ્યનું ગૃહ વિભાગ કહે છે કે, એસીબી પાસે ડિજિટલ વોઈસ લોગરના ઉપકરણો નથી, તાલીમબદ્ધ સ્ટાફ નથી, તો આ કોલ ઈન્ટરસેપ્ટ અને સીડીઆર પેગાસસ સોફટવરથી થયા હોવાની શંકા અરજદારે રજૂઆતમાં દર્શાવી છે.

એક બાબત સ્પષ્ટ રીતે સમજવી જરૂરી છે કે ટાર્ગેટ મોબાઈલ નંબરને અન્ય સીમકાર્ડ નંબર ઉપર ડાયવર્ટ કરવાથી માત્ર વાર્તાલાપ સાંભળી શકાય છે, પરંતુ આ વાર્તાલાપને પ્રિન્ટેડ સ્ક્રીપ્ટમાં ફેરવવા, ઈન્કમિંગ-આઉટગોઈંગ, નેટવક એરિયા લોકેશન, રજિસ્ટર્ડ ઓવનર ઓફ સીમકાર્ડ સામસામે વાત કરનારના સીમકાર્ડના નોંધાયેલા માલિક જેવી વિગતો નિર્ધારિત ફોર્મેટમાં ગોઠવવા ખાસ સોફટવેરની જરૂરિયાત રહે છે અને એકથી વધુ અલગ અલગ હોદ્દા અને તાલીમવાળા કર્મચારીઓની હાજરી સતત ૨૪ કલાક જરૂરી છે. ત્યારે આ સંજોગોમાં ગુજરાત એસીબીએ પેગાસસ સોફટવેરનો ઉપયોગ કર્યો હોવાની શંકા પણ રજૂઆતમાં દશાંવી છે. આમ અનુક્રમ નંબર ૧ થી ૨૦ દર્શિત પત્રવ્યવહારોની સર્ટિફાઈડ નકલો જોતાં અને ઉચ્ચ અધિકારીઓ નં.૮ જેમાં બે ટેલિફોનિક સંસ્થાઓ પણ સામેલ છે. એમને ભેગા મળી ગેરકાયદેસર રીતે મોટું જાસૂસી નેટવક ચલાવ્યું છે, તેથી આ બાબતે સરકારી અધિકારીઓ દ્વારા લંબાણપૂર્વક તપાસના કોઈ નાટકો કરવામાં ન આવે અને તાત્કાલિક અસરથી અનુક્રમ નં.૧ થી ૮ અધિકારીઓ સામે ગુનો નોંધી ધરપકડ કરી તપાસ હાથ ધરવામાં આવે, તેમજ એસીબી દ્વારા કયા ઉદ્દેશથી રાજ્ય સરકારને અંધારામાં રાખી આ જાસૂસી કાંડ ચલાવતું હતું અને પેગાસસનો ઉપયોગ ક્યારથી કરાતો હતો તેની માહિતી બહાર લાવવા વિપુલ પટેલે માંગણી કરી છે. ફોન ટેપિંગના સાધનો અને સોફ્ટવેર ખરીદવા ફન્ડિંગ કોણે કર્યું તે અંગે તપાસ કરવા પણ તેમણે માંગણી કરી છે.

મુખ્યમંત્રી કાર્યાલયમાં આ ફરિયાદ મળતા અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગને નિયમોનુસાર કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે.

### રાજ્યના પોલીસવડા સહિત ૯ ઉચ્ચ અધિકારીઓના નામ

- આશિષ ભાટિયા-પૂર્વ ઈન્ચાર્જ નિયામક ગુજરાત રાજય લાંચ રૂશ્વત વિરાધી બ્યૂરો (હાલ ડીજીપી)
- પી.કે.તનેજા-પૂર્વ અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ
- જી.એસ.મલિક-પૂર્વ સચિવ ગૃહ વિભાગ
- રૂપલ એન.સોલંકી-પૂર્વ મદદનીશ નિયામક એસીબી ફિલ્ડ-૩ અમદાવાદ (હાલ એસડીપીઓ બારડોલી)
- ડી.પી.ભટ્ટ-પૂર્વ પોલીસ ઈન્સ્પેકટર એસીબી ઈન્ટેલિજન્સ વિંગ એસીબી મુખ્ય મથક
- એ.એ.શેખ-પૂવ પોલીસ ઈન્સ્પેકટર એસીબી પોલીસ સ્ટેશન નડિયાદ (હાલ હોમગાર્ડ અમદાવાદ)
- બીએસએનએલ (ભારત સંચાર નિગમ લિમિટેડ) અમદાવાદના નોડલ ઓફિસર અને આઈડિયા સેલ્યુલર લિમિટેડ અમદાવાદના નોડલ ઓફિસર

# સજ્જતા સર્વેક્ષણ માટે શિક્ષકોનો આંકડો ખોટી રીતે ઊંચો બતાવાયો હોવાનો રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો આક્ષેપ

અમદાવાદ તા.૨૩

ગુજરાત રાજયમાં ૨૪ ઓગસ્ટના રોજ લેવાનારી શિક્ષક સજ્જતા સર્વેક્ષણનો મુદ્દો રોજેરોજ નવો વિવાદ પકડી રહ્યો છે. સર્વેક્ષણમાં ખોટી રીતે શિક્ષકોનો વધુ આંકડો બતાવવા માટે શિક્ષકોની જન્મતારીખ નાંખી હોલ ટિકિટ ડાઉનલોડ કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ શૈક્ષિક મહાસંઘ દ્વારા કરવામાં આવ્યો છે. આ મુદ્દે શૈક્ષિક મહાસંઘ દ્વારા રાજય પરીક્ષા બોર્ડના અધ્યક્ષને પત્ર લખી ખોટી રીતે હોલ ટિકિટ ડાઉનલોડ કરનારા વ્યક્તિઓ સામે તપાસ કરવા તથા પરીક્ષા દરમ્યાન અન્ય ગેરરીતિ ન થાય તે અંગે કાર્યવાહી કરવા માટે રજૂઆત કરી છે. અમુક તત્ત્વો દ્વારા શિક્ષકોની જન્મતારીખનો ખોટો ઉપયોગ કરી સામૂહિક હોલ ટિકિટ ડાઉનલોડ કરી હોવાનું પણ સંગઠન દ્વારા જણાવાયું છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પ્રમુખ ઘનશ્યામ પટેલે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષને લખવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે, મોટાભાગના શિક્ષકોએ કસોટીનો બહિષ્કાર કર્યો હોવાથી અન્ય વ્યક્તિઓ દ્વારા હોલ ટિકિટ ડાઉનલોડ કરી, પરીક્ષામાં પણ અન્ય વ્યકિતઓને બેસાડી પરીક્ષા અપાવવા તેમજ એક જ શિક્ષક પાસે ચાર-પાંચ શિક્ષકોના પેપરો લખાવવાનો કારસો ઘડાઈ રહ્યો હોય એવું ધ્યાને આવ્યું છે. ગુજરાતમાં હાલ શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કસોટીનો મામલો દિવસેન દિવસે પેચીદો બનતો જાય છે. ત્યારે પરીક્ષા મરજિયાત હોવાથી ૯૫થી ૯૭ ટકા શિક્ષકો પરીક્ષા આપવા માંગતા ન હોય અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા શિક્ષકોની સાથે રહી શિક્ષકોની પરીક્ષાના રદનું અને રદ ન થાય તો બહિષ્કારનું એલાન આપેલું હોવાથી શિક્ષકોએ પરીક્ષાની હોલ ટિકિટ ડાઉનલોડ કરેલી ન હોવાથી શિક્ષકસંઘના ઈશારે અમુક આચાર્યો, અમુક સીઆરસી કોઓર્ડીનેટર તેમજ અમુક સંઘના પ્રતિનિધિઓ શિક્ષકોની જન્મતારીખના ડેટાનો ઉપયોગ કરી સામૂહિક હોલ ટિકિટ ડાઉનલોડ કરી પરીક્ષામાં ઘણા શિક્ષકો બેસવાના છે એવું વાતાવરણ ઊભું કરવા હોલ ટિકિટ ડાઉનલોડ કરી પ્રાઈવસીનો ભંગ કર્યો છે. રાજ્ય પરીક્ષા બોર્ડની સૂચના છે કે, જે તે વ્યક્તિએ પોતે જ હોલ ટિકિટ ડાઉનલોડ કરવી આ સૂચનાનો પણ સરેઆમ ભંગ થતો જોવા મળ્યો છે અને પરીક્ષામાં પણ એકના બદલે બીજા શિક્ષકને બેસાડવા તેમજ એક જ શિક્ષક પાસેથી આ સામૂહિક હોલ ટિકિટના આધારે ચાર-પાંચ પેપરો એક જ શિક્ષક પાસે લખાવવાનો કારસો ઘડાયો હોવાની શંકા જતાં તેમજ અધિકારી અને શિક્ષકસંઘના આગેવાનો દ્વારા શિક્ષકોને પરીક્ષામાં પરાણે બેસાડવા દબાણ કરવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો આવેલી હોવાથી રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી છે. જો કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે તો ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# નોકરી ગુમાવનાર લોકોને ૨૦૨૨ સુધી મળશે પીએફ

## મહામારી દરમ્યાન નોકરી ગુમાવી છે તેના ઈપીએફઓ એકાઉન્ટમાં સરકાર ૨૦૨૨ સુધી પીએફ અંશદાન જમા કરશે

નવી દિલ્હી, તા.૨૧

કોરોના મહામારીના કારણે નોકરી ગુમાવનાર લોકો માટે રાહતના સમાચાર છે. કેન્દ્રીય વિત્ત મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે જે લોકોએ આ મહામારી દરમિયાન પોતાની નોકરી ગુમાવી છે તે બધાના ઈપીએફઓ એકાઉન્ટમાં સરકાર ૨૦૨૨ સુધી પીએફ અંશદાન જમા કરશે. વિત્ત મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે જે લોકોનું ઈપીએફઓમાં રજિસ્ટ્રેશન હશે તે લોકોને જ આ સુવિધાનો લાભ મળી શકશે.

તેમણે કહ્યું કે કોરોનાના કારણે રોજગાર પર સંકટને જોતા આ વર્ષનું મનરેગાનું બજેટ ૬૦ હજાર કરોડ રૂપિયાથી વધારીને એક લાખ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યું છે.

વિત્ત મંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર તે લોકો માટે ૨૦૨૨ સુધી નિયોક્તાની સાથે-સાથે કર્મચારીના પીએફ ભાગનું ભુગતાન કરશે. જેમણે પોતાની નોકરી ગુમાવી દીધી છે, જોકે તેમને ઔપચારિક ક્ષેત્રમાં નાના પ્રમાણમાં નોકરીઓમાં કામ કરવા માટે ફરીથી બોલાવવામાં આવ્યા છે. આ યૂનિટ્સનું ઈપીએફઓ રજિસ્ટ્રેશન થવા પર જ સુવિધા આપવામાં આવશે. વિત્ત મંત્રીએ કહ્યું કે દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ એટલે કે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને દશકો સુધી જે સ્થાન નથી મળ્યું તે કેન્દ્રની વર્તમાન નરેન્દ્ર મોદી સરકારે અપાવ્યું છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે એમએસએમઈને યોગ્ય ઓળખ આપી છે. આ ક્ષેત્રને દશકો સુધી જે સ્થાન નળી મળ્યું તે તેને અપાવવામાં આવી રહ્યું છે અને આગળ પણ શાનદાર બનાવવામાં આવશે. તેમણે કહ્યું કે છેલ્લા બે વર્ષોમાં જોવો તો કેન્દ્ર સરકારે ઘણી અલગી ચીજો કરી છે. સરકારે MSMEની પરિભાષાને ઘણા લચીલા રીતથી બદલી છે. હાલમાં જ સંસદમાં એક વિધેયક લાવવામાં આવ્યું છે જેનાથી MSME ક્ષેત્રને સીધી રીતે ફાયદો થશે.

# ગુજરાતની સરકારી હોસ્પિટલ તથા GMERSના પાત્રતા ધરાવતા તબીબોને સાતમા પગાર પંચ મુજબ નોન-પ્રેક્ટિસિંગ એલાઉન્સ મળશે

ગાંધીનગર તા.૨૩


ગુજરાત રાજ્યની સરકારી હોસ્પિટલો તથા GMERSના અધ્યાપક ડોક્ટરો માટે સરકાર તરફથી તહેવાર ટાણે આનંદના સમાચાર પ્રાપ્ત થયા છે. આ પાત્રતા ધરાવતા તમામ ડોક્ટરો-અધ્યાપકોને સાતમા પગાર પંચ મુજબનું એલાઉન્સ આપવાની જાહેરાત રાજ્ય સરકાર તરફથી કરવામાં આવી છે. ગુજરાતમાં સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબ ઈનસર્વિસ ડોક્ટર્સ માટે નીતિન પટેલે મોટી જાહેરાત કરી છે. GMERS મેડિકલ કોલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા પાત્રતા ધરાવતા ડોકટર્સને નોન પ્રેક્ટિસિંગ એલાઉન્સ આપવાની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. રાજય સરકાર આ તમામને સાતમા પગાર પંચ મુજબ નોન પ્રેક્ટિસિંગ એલાઉન્સ આપશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા ટ્વિટર એકાઉન્ટ ઉપર રક્ષાબંધનના પર્વ ઉપર આ જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત સરકારની હોસ્પિટલોમાં ફરજ બજાવતા ઈનસર્વિસ ડોકટરો તથા GMERSની મેડિકલ કોલેજોમાં અધ્યાપકો તરીકે ફરજ બજાવતા પાત્રતા ધરાવતા તમામ ડોકટરો અને અધ્યાપકો માટે સરકાર તરફથી આપવામાં આવેલી આ રક્ષાબંધનની ભેટ છે, જેમાં હવે તમામ ડોક્ટર અને અધ્યાપકોને સાતમા પગાર પંચ મુજબ નોન પેક્ટિસિંગ એલાઉન્સ મળશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત મેડિકલ ટિચર્સ એસોસિએશન સાથે જોડાયેલા રાજ્યભરના તબીબો તાજેતરમાં આંદોલન ઉપર ઉતર્યા હતા. તેમણે સાતમા પગાર પંચ મેળવવા સહિતની વાત સાથે વિરોધ દર્શાવ્યો હતો, જેમાં સરકારે પણ આ અંગે ખાતરી આપી હતી.


# કલ્યાણપુર તાલુકામાં ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર કરવા સબબ એક શખ્સ ઝડપાયો : ૧.૨૩ લાખનો મુદ્દામાલ કબજે

જામખંભાળિયા તા.૨૩

કલ્યાણપુર તાલુકામાં ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર તથા વેંચાણ કરવામાં આવતું હોવાની બાતમી ઉપરથી જિલ્લા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફે નગડિયા ગામે દરોડો પાડી સવા બાર કિલોથી વધુ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો હતો. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ કલ્યાણપુર તાલુકાના નગડિયા ગામે આવેલી કારીધાર સીમ ખાતે એક મકાનના ફળિયામાં ગેરકાયદેસર રીતે ગાંજાનું વાવેતર થતું હોવાની બાતમીના આધારે જિલ્લા પોલીસ સ્ટાફે આ સ્થળે દરોડો પાડ્યો હતો. નગડીયા ગામના લખમણ ઊર્ફે લખુ ઠેબાભાઈ નવઘણભાઈ ખીસ્તરીયા નામના ૩૮ વર્ષના યુવાન દ્વારા પોતાના અંગત ફાયદા માટે તેના પોતાના રહેણાંક મકાનના ફળિયામાં ગેરકાયદેસર રીતે ગાંજા નામના માદક પદાર્થનું વાવેતર કર્યું હતું. ઉપરોક્ત શખ્સ દ્વારા ગાંજાના લીલા છોડનું વાવેતર કરી તથા વાવેતર કરેલા આ માદક પદાર્થની સુકવણી કરી તેના ઘરમાં રાખ્યો હતો. અહીંથી બાર કિલો ૩૬૧ ગ્રામ ગાંજો પોલીસે કબજે લીધો છે. જેની કિંમત ૧,૨૩,૬૧૦ ગણવામાં આવી છે. આથી કલ્યાણપુર પોલીસે એસ.ઓ.જી. પી.એસ.આઈ. પી.સી. સિંગરખીયાની ફરિયાદ ઉપરથી લખમણ ઉર્ફે લખુ ખીસ્તરીયા સામે એન.ડી.પી.એસ.ની કલમ મુજબ ગુનો નોંધ્યો છે. આ પ્રકરણની આગળની તપાસ દ્વારકા સર્કલના સી.પી.આઈ. પી.બી. ગઢવી દ્વારા હાથ ધરવામાં આવી છે.

# યાત્રાધામ દ્વારકામાં ગુગળી ૫૦૫ સમાજ દ્વારા સમૂહ દેહશુદ્ધિ, દશવિધિ તેમજ સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયા






દ્વારકા તા.૨૩


દ્વારકામાં ભગવાન શ્રી દ્વારકાધીશની સેવા-પૂજા સાથે સંકળાયેલા ગુગળી બ્રહ્મસમાજ તેમજ અન્ય બ્રહ્મસમાજમાં બળેવ પૂનમનું દિવાળી સમાન મહત્વ રહેલું હોય છે. બ્રહ્મસમાજ દ્વારા પરંપરાગત રીતે પવિત્ર નદી ગોમતીમાં શાસ્ત્રોકત વિધિ સાથે બ્રહ્મસમાજના અગ્રણીઓની આગેવાનીમાં સમુહ સ્નાન તથા દશવિધિ કરવામાં આવી હતી. જેમાં ગુગળ એટલે છાણથી સ્નાન, હિરણ્ય એટલે કે સોનાનું સ્થાન, માટી વિગેર સાથે પવિત્ર નદી ગોમતીમાં સમુહ સ્નાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દેવ તર્પણ તેમજ પિતૃતર્પણની વિધિ કરી આખા વર્ષ દરમ્યાન થયેલ પાપોની શુદ્ધિ કરી ભગવાન પાસે માફી માંગવામાં આવી હતી. બપોરના રાજભોગ દર્શન બાદ ઠાકોરજીને જગતમંદિરમાં યજ્ઞોપવિત ધારણ કરાવ્યા બાદ સમસ્ત ગુગળી બ્રાહ્મણ દ્વારા ગાયત્રી માતાજીની સાક્ષીએ બ્રહપુરી નં.૧ ખાતે સમુહ યજ્ઞોપવિત ધારણ કરવામાં આવ્યા હતા.

# મેંદરડાના ઢેબરીયા પ્લોટ વિસ્તારમાં અનોખી રીતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી



મેંદરડા તા.૨૩ : તા. ૨૨ ઓગસ્ટને ૨૦૨૧ ભાઈ-બહેનના પવિત્ર સંબંધનો તહેવાર એટલે રક્ષાબંધન. ત્યારે મેંદરડામાં રક્ષાબંધનની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. રક્ષાબંધનના દિવસે બહેન પોતાના વહાલા ભાઈઓને રાખડી બાંધીને ભાઈની દીર્ઘાયુ માટે ભગવાનને પ્રાર્થના કરી હતી. તેમજ ભાઈ પાસે વ્યસનમુક્તિ માટે વચન માંગે છે. આપણા દેશમાં હાલ પાન, માવા, ગુટકા સહિતના વ્યસનોથી યુવા ઘેરાયેલો રહેતો હોય છે ત્યારે આવા વ્યસનથી દૂર રાખવા માટે બહેનોએ એક પ્રયાસ હાથ ધર્યો છે. જેમાં આ વખતે રક્ષાબંધનમાં બહેનોએ ભાઈ પાસે વ્યસન મુક્તિ માટે વચન લીધું છે અને બીજાને પણ વ્યસનમુક્ત કરશે તેવી ખાતરી આપી છે. આ રીતે મેંદરડામાં અનોખી રીતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. (તસ્વીર : જયેશ વાળા)

# માંગરોળનાં રામદેવજી મંદિરે સેવાભાવીઓનું સન્માન કરાયું




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૩

જૂનાગઢ જીલ્લાના માંગરોળમાં આવેલું રામદેવજી રામકૃષ્ણ રામેશ્વર મંદિરમાં છેલ્લા વર્ષથી અવરીત રામદેવજી મહારાજના પાટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યમાં મંદિરના ટ્રસ્ટી મોહનભાઈ કરગઠીયાની આગેવાની હેઠળ રામદેવજી મંડળ જેમાં ૨૬ જેટલા સભ્યોની ટીમ છે તેમના દ્વારા દર અગિયારસના રાત્રે રામદેવજી મહારાજનો પાટોત્સવ ઉજવાય છે. તેમાં માંગરોળના અનેક પરીવારો સહિત ભક્તો લાભ લે છે. અગિયારસના રાત્રે મંડળના ત્રણ સભ્યોના જોડિયા પાટોત્સવનો આયોજન તેમજ રાત્રે શ્રીરામધુન સહિત પ્રસાદનું આયોજન કરેલું હતું. આ આવસરે માંગરોળ વિશ્વ હિન્દુ પરિષદ સોમનાથ જીલ્લા મંત્રી વિનુભાઈ મેસવાણિયા, માંગરોળ વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ પ્રકાશભાઈ લાલવાણી, શ્રીરામ ધુનમંડળના તરૂણગીરી બાપુ, શૈલેશભાઈ યાદવ, મહેશભાઈ ઘેરવડા દ્વારા સેવાભાવી જાગૃત ટ્રસ્ટી મોહનભાઈ કરગઠીયા, પુજારી દીનુબાપુ, કોટવાલ બાબુભાઈ ગોહેલનું શાલ તેમજ પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેપારી અગ્રણી પરેશભાઈ જોષી, કિશનભાઈ પરમાર સત્યમ હોટલ વાળા, વેપારી પરસોતમભાઈ સોમૈયા સહિત મહેમાનોની હાજરીમાં આ સુંદર કાર્યમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ મંડળના તમામ સભ્યોનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ મંદિરમાં અનેક વર્ષોથી અષાઢીબીજ, મહાબીજ, જન્માષ્ટમી રામનવમી જેવા બધા ધાર્મીક તહેવારો પણ પુર ઉત્સાહ અને ભક્તિભાવથી ઉજવાય છે. તેમજ શ્રાવણ માસ દરમ્યાન દર સોમવારે રાત્રે મહાદેવની મહાપુજાનું પણ આયોજન કરવામાં આવે છે. તેમજ મંદિરમાં વર્ષોથી અન્નક્ષેત્ર પણ અવરીત ચાલું છે.

# દ્રોણેશ્વર ગુરૂકુલમાં શ્રી હનુમાનજી મહારાજને રક્ષાબંધનના પાવન દિવસે સુખડીનો અન્નકૂટ ધરાવાયો




(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૨૩

ગિરગઢડાના એસજીવીપી દ્રોણેશ્વર ગુરૂકુલના મારૂતિધામમાં બિરાજમાન શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજને રક્ષાબંધનના પાવનકારી દિવસે સુખડીનો ભવ્ય અન્નકૂટ ધરાવાયો હતો. ગુરૂકુલના અધ્યક્ષ પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી સોરઠ પ્રદેશના ભક્તોએ ઘરે ઘરે દાદાને રાજી કરવા સુખડી બનાવી અન્નકૂટ માટે અર્પણ કરી હતી. પ્રાતઃકાળે દાદાનું પુજન કરી શણગાર આરતી કરી હતી. ત્યારબાદ દાદાને અન્નકૂટ ધરાવાયો હતો. અન્નકૂટમાં રોઝ, લેમન, કેસર, ડ્રાયફ્રુટ વગેરે ફલેવરની સુખડી ધરાવી હતી. તો સાથે સાથે સુખડીમાંથી સુંદર રાખડી બનાવી હતી. આ અન્નકૂટ માટે હરિદર્શનસ્વામીની સાથે મદન જોષી, ચંદ્રેશ ગોહિલ, અંબાલાલ વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અન્નકૂટની પ્રસાદી દરિદ્ર નારાયણને વહેંચવામાં આવશે.

# જૂનાગઢ મુસ્લીમ સમાજનાં આગેવાનોએ તંત્રનો આભાર માન્યો

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ શહેરમાં મોહર્રમ તહેવાર સબબ પોલીસ, પ્રશાસન, પીજીવીસીએલ અને મનપા તંત્રનાં મળેલ સહકાર અને ઉમદા કામગીરીને મુસ્લીમ સમાજનાં આગેવાનો રજાકભાઈ હાલા, હનીફભાઈ હાલા, અઝીઝભાઈ સોરઠીયા, હુસેનખાન બ્લોચ, સબીરભાઈ શેખ, સફીભાઈ બંગાલી, શાકીરભાઈ બેલીમ, અમીનભાઈ શેખ, યુસુફભાઈ જુલાયા, મુન્નારભાઈ શેખ, કાદરભાઈ ગરાળા, અલીભાઈ જુલાયાએ આવકારી તંત્રનો આભાર માન્યો હતો.

# લોકોને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે માટે જૂનાગઢ કૃષિ યુનિ.માં પ્રાકૃતિક કૃષિ હાટનું આયોજન

## જૂનાગઢના કોઈપણ ખેડૂતો આત્મા પ્રોજેકટની મંજુરી લઈ વેચાણ કરી શકે છે




જૂનાગઢ, તા.૨૩ ગુજરાત રાજયના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજયમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન આત્મા પ્રોજેકટ દ્વારા ચાલવી રહ્યા છે. જેમાં ખેડૂતો દ્વારા ગાય આધારિત રસાયણ મુક્ત ખેતી કરી રહ્યા છે. જૂનાગઢ જિલ્લામાં પ્રાકુતિક કૃષિ કરનાર ખેડૂત વર્ગ બહોળા પ્રમાણમાં છે.

આ ખેડૂતોને સારો ભાવ મળી રહે તેમજ શહેરની જનતાને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તેવા ઉમદા હેતુથી જૂનાગઢ જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ દ્વારા પ્રાકૃતિક કૃષિ હાટ ચાલુ કરવામાં આવેલ છે. જયારે સરકાર ૭૫માં આઝાદી વર્ષને અમૃત મહોત્સવ વર્ષ ઉજવી રહ્યા છે.

જૂનાગઢની જનતાને અમુત સમાન આહાર મળી રહે તેવો આ ઉમદા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તા.૧૫ ઓગસ્ટના રોજ આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક કૃષિ હાટનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. જેમાં રસાયણ મુકત ખેતી કરતા ૫૦ જેટલા ખેડૂતો દ્વારા સીધું ગ્રાહકોને વેચાણ કરવામાં આવશે અને પ્રાકુતિક કૃષિ હાટ પ્લાસ્ટીક મુકત તેમજ કેશલેસ બજાર બને તેવો ખાસ આગ્રહ રાખવામાં આવનાર છે. આ બજારમાં પ્રાકૃતિક રીતે રસાયણ મુકત ખેતી કરતા કોઈપણ ખેડૂતો આત્મા પ્રોજેકટની મંજુરી લઈ વેચાણ કરવા માટે આવી શકે છે.

# જીલ્લાની દરેક કચેરીની કામગીરીની તમામ વિગતો પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનથી રજૂ કરવા સુચના

## જૂનાગઢ જીલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક કલેકટર રચિતરાજના અધ્યક્ષસ્થાને યોજાઇ




જૂનાગઢ, તા.૨૩ જૂનાગઢ જિલ્લા ફરિયાદ અનેસંકલન સમિતિની કલેકટર રચિતરાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં જિલ્લાની દરેક કચેરીની કામગીરીની વિગતો પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન મારફત રજૂ કરવા જિલ્લા કલેકટરે માર્ગદર્શન આપ્યું હતું.

વિવિધ કચેરીઓમાં રજૂ થતી જનહિતની અરજીઓ, ધારાસભ્ય, સાંસદ દ્વારા આવતી રજૂઆતોનો સમયમર્યાદામાં નિકાલ કરવા કલેકટર એ સ્પષ્ટપણે જણાવી કહ્યું કે, જનહિતને પ્રાધાન્ય આપવા સાથે કામગીરી ઝડપી તેમજ ચોકસાઈપૂર્વક થાય તે જરૂરી છે.

ફરિયાદ સમિતિમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન દિનેશભાઈ ખટારીયા, ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા, દેવાભાઈ માલમ, બાબુભાઈ વાજા, ભીખાભાઈ જોશીએ સિંચાઈ, પીજીવીસીએલ, ગ્રામ્ય રસ્તાઓ, જમીન માપણી, ફોરેસ્ટ સંબંધિ જનહીતના પ્રશ્નો રજૂ કર્યા હતા. આ પ્રશ્નો બાબતે સમય મર્યાદામાં જવાબ રજૂ કરવા સાથે અધિકારીઓને માનવીય અભિગમ સાથે કામગીરી કરવા જિલ્લા કલેકટરને જણાવ્યું હતું.

બેઠકમાં સરકારી બાકી લેણાંની વસૂલાત, નિવૃત થતા કર્મચારીઓના પેન્શન કેસો, સહિતની બાબતો અંગે ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી. સંકલન બેઠકની કાર્યવાહીનું સંચાલન અધિક કલેકટર એલ.બી. બાંભણિયાએ કર્યુ હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી પ્રેમાનંદ સ્કુલ જૂનાગઢ ખાતે રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી





જૂનાગઢ, તા.૨૩ તાજેતરમાં શ્રી પ્રેમાનંદ સ્કુલ જૂનાગઢ ખાતે અનોખી રીતે રક્ષાબંધનનું સેલીબ્રેશન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં વાતાવરણનો થતા સતત નુકશાનનો કારણે માનવજાત ઉપર ખુબ મોટું જોખમ આવી રહ્યું છે એ વાત નવી નથી. આનો એક જ રસ્તો છે જેટલા અને એટલા વધુ વૃક્ષો વાવવા અને આપણી જીવન પધ્ધતિ કુદરતને અનુકુળ કરવી.. આવનારી પેઢીની ગળથુથીમાં જ આ વાત સમજાય જાય એ માટે પ્રેમાનંદ સ્કુલમાં રક્ષાબંધન નિમિત્તે વિદ્યાર્થીઓને એક એક વૃક્ષ વાવવા તથા તેનો રાખડી બાંધી તે વૃક્ષનું જતન કરવાના સપથ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલ જીલ્લા શિક્ષણાધિકારી કચેરીના રણવિરસિંહ પરમાર તથા સમાજ શ્રેષ્ઠી અમિતભાઈ શાહનો સંસ્થા વતી ડો.માતંગભાઈ પુરોહીતએ આભાર વ્યકત કરેલ હતો. આ નિમિત્તે સંસ્થાના શિલ્પી પૂજય મુકતાનંદજીબાપુ, પ્રખર શિક્ષણશાસ્ત્રી ગિરજુભાઈ ભરાડએ સૌનો તહેવારોની શુભેચ્છાઓ પાઠવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા.

# કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી મહા વિદ્યાલયને ડિસ્ટ્રિક્ટ ગ્રીન ચેમ્પીયન એવોર્ડ એનાયત

## કોલેજની સ્વચ્છતા, કચરા નિકાલની શ્રેષ્ઠ પદ્ધતિ, વોટર મેનેજમેન્ટ અને ગ્રીન મેનેજમેન્ટ સહિતના પાસા ધ્યાને રાખી ગુણ અપાઈ છે

જૂનાગઢ, તા.૨૩ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની કૃષિ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ શિક્ષા પરીષદ, ઉચ્ચ શિક્ષા વિભાગ, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા તાજેતરમાં યોજવામાં આવી હતી. જિલ્લા કક્ષાના સર્વેક્ષણ મુજબ વર્ષ–૨૦૨૧માં જૂનાગઢ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી "ડિસ્ટ્રિક્ટ ગ્રીન ચેમ્પીયન" એવોર્ડ મેળવી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું નામ રોશન કર્યુ છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ શિક્ષા પરીષદ દ્વારા યોજાતા આ સર્વેક્ષણ સમગ્ર જિલ્લાની વિવિધ કોલેજોએ પ્રાપ્ત કરેલા માર્ક્સ (ગુણો) પરથી કરવામાં આવે છે. જેમાં કોલેજની સ્વચ્છતા માટેના કાર્ય યોજના, કચરાના નિકાલ માટે અપનાવવામાં આવેલ શ્રેષ્ઠ પદ્ધતિઓ, વોટર મેનેજમેન્ટ, એનર્જી મેનેજમેન્ટ, ગ્રીનરી મેનેજમેન્ટ તેમજ ફેકલ્ટી સ્ટાફમાં સ્વચ્છતા પ્રત્યેની જાગૃતતા વિગેરે જેવા પાસાઓને ધ્યાને રાખી ગુણો આપીને એવોર્ડ આપવામાં આવે છે. આ વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ જૂનાગઢ જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટશ્રી રચિત રાજની શુભેચ્છાઓ સાથે જિલ્લા શિક્ષણ અધિકારી આર.એસ. ઉપાધ્યાયના હસ્તે કૃષિ જૂનાગઢ ઈજનેરી વિદ્યાશાખાના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડો.પી.પી.ગજ્જર અને આઈ.ડી.પી. સેલના કન્વીનર પ્રો.જી.જી.ગોહિલ એનાયત કરવામાં આવેલ છે. કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.વી.પી.ચોવટિયાના સફળ નેતૃત્વ અને સ્વચ્છતા માટેના ઉત્કૃષ્ટ માર્ગદર્શન, કૃષિ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી મહાવિદ્યાલયના પ્રિન્સીપાલ અને ડીન ડો.એન.કે.ગોંટીયાના ઉત્તમ કાર્યદક્ષતા અને વિદ્યાશાખાની સ્વચ્છતા જાળવવા માટેના સતત પ્રયત્નો, યુનિવર્સીટી ઓથોરીટીના ઉત્તમ માર્ગદર્શન તેમજ વિદ્યાશાખાના ફેકલ્ટીની સ્વચ્છતા પ્રત્યેની જાગૃતતાને આભારી છે.

ગૌરવપ્રદ વાત એ છે કે, તાજેતરમા જ કૃષિ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી મહાવિદ્યાલયનો રાષ્ટ્રીયકક્ષાએ ૧૨ ક્રમાંક મળેલ તદ્દુપરાંત આ "ડીસ્ટ્રીકટ ગ્રીન ચેમ્પીયન" એવોર્ડ પ્રાપ્ત કરી આ વિદ્યાશાખા ઉતરોતર અગ્રીમતા પ્રાપ્ત કરી રહી છે, જેને લઈ આ વિદ્યાશાખાના ફેકલ્ટી મેમ્બર્સ ખુબજ આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

# જૂનાગઢના શુટરની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી




જૂનાગઢ, તા.૨૩ અમદાવાદ ખાનપુર રાઈફલ કલબ ખાતે ૮મી વેસ્ટ ઝોન રાઈફલ શુટીંગ સ્પર્ધાનું આયોજન ૧૪ થી ૧૯ ઓગષ્ટ દરમ્યાન કરવામાં આવ્યું હતું જેમા પશ્ચિમી રાજયોના ચુનીંદા સ્પર્ધકોએ રાષ્ટ્રીય સ્પર્ધા માટેની પસંદગી માટે ગળાકાપ સ્પર્ધા આપી હતી જેમાં જૂનાગઢના ખેલાડી કુલદીપ પિયુષભાઈ પંડયાએ શ્રેષ્ઠ રમત દાખવીને ૯મું સ્થાન પ્રાપ્ત કરી રાષ્ટ્રીય સ્પર્ધા માટે પોતાની દાવેદારી નોંધાવી દીધી છે. રાજશાખા રાઈફલ કલબના કોચ હિરેન ખુંટીએ ભોપાલમાં યોજાનારી આ રાષ્ટ્રીય સ્પર્ધા માટે ઉત્કૃષ્ટ પ્રદર્શનની ખાતરી આપી હતી.

## આકર્ષણનું કેન્દ્ર બન્યુ Floating ATM

# SBI એ ડાલ લેક હાઉસ બોટ ઉપર ATM ખોલ્યું

નવી દિલ્હી, તા.૨૩ દેશની સૌથી મોટી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ એક અનોખી શરૂઆત કરી છે. SBI એ શ્રીનગરના ડાલ લેક પર હાઉસબોટ પર ATM ખોલ્યું છે. જેનાથી અહીં આવતા પ્રવાસીઓને ફાયદો થશે. અહીં આવતા પ્રવાસીઓને જો રોકડની જરૂર હોય તો ATM માંથી રોકડ ઉપાડી શકશે. SBI એ શ્રીનગરના લોકોને એક જબરદસ્ત ભેટ આપી છે. ૧૬ ઓગસ્ટના રોજ એસબીઆઈએ શ્રીનગરના પ્રખ્યાત ડાલ લેકમાં હાઉસબોટ પર એક એટીએમ ખોલ્યું છે. તેનું ઉદઘાટન SBI ના ચેરમેન દિનેશ ખરેએ કર્યું હતું. આ તરતા ATM હવે પ્રવાસીઓ માટે તેમની રોકડની જરૂરિયાતો પૂરી કરવા સાથે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

આ પહેલા, SBI એ વર્ષ ૨૦૦૪ માં કેરળમાં પણ Floating ATM શરૂ કર્યું હતું. આ તરતું એટીએમ કેરળ શિપિંગ એન્ડ ઈનલેન્ડ નેવિગેશન કોર્પોરેશન ની ઝંકાર યાટ પર ખોલવામાં આવ્યું હતું. SBI તેના ગ્રાહકોની સુવિધાઓને વધુ સુદ્રઢ કરવા માટે કામ કરે છે. SBI પાસે મહત્તમ ૨૨,૨૨૪ બેંક શાખાઓ અને ૩,૯૦૬ ATM છે.

# સાળંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને ધરાવાયો ભવ્ય ચોકલેટનો અન્નકુટ



સાળંગપુર, તા.૨૩ : યાત્રાધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરમાં તા.૨૧/૮/૨૦૨૧નો શનિવારે ભવ્ય ચોકલેટના અન્નકુટનું આયોજન કરવામાં આવેલ જેમાં દાદાનો ૧૦૦ પ્રકારની ચોકલેટ અન્નકુટ સ્વરૂપે ધરાવમાં આવેલ હતી. આ અન્નકુટના દર્શનનો લાભ હરીભકતોએ લીધેલ હતો.

# પંચાયતી રાજ વ્યવસ્થાથી રાજયોનો ઝડપી વિકાસ થયો

નવી દિલ્હી તા.૨૩ ભારતના તેઓ પહેલા પંચાયતી રાજ મંત્રી હતા અને તેઓ લોકસભામાં પણ ત્રણ વખત ચૂંટાયા હતા જયારે રાજયસભામાં એક ટર્મ માટે ચૂંટાયા હતા. તેઓ એક ધનિક રાજનેતા હતા અને વહીવટી અનુભવ તેમનો એકદમ શ્રેષ્ઠ હતો. રાજીવ ગાંધીના એક નજીકના સહાયક રહેલા મણિશંકર અય્યરે સંજુકતા બાસુ સાથે તેમના અનુભવો શેર કર્યા હતા. પંચાયતી રાજનો આઈડિયા કેવી રીતે આવ્યો ? તે સમયે એવી કોઈ વ્યવસ્થા હતી કે નહીં ? તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, જયારે ગ્રામીણ ભારતની વડાપ્રધાન તરીકે રાજીવ ગાંધીએ મુલાકાત લીધી તો તેમણે નોંધ્યું કે આપણા ભારત દેશમાં કોઈ જવાબદાર વહીવટીતાંત્ર છેજ નહીં જે ગ્રાઉન્ડ લેવલ ઉપર લોકોની જરૂરિયાતને પૂરી કરી શકે. તેઓએ ત્યારે એક ઉપાય શોધી કાઢ્યો અને તેનો એક પદ્ધતિસરનો જવાબ શોધ્યો. મહાત્મા ગાંધી પંચાયતી રાજની સ્થાપના કરવા માંગતા હતા, નહેરૂએ આ મામલે કોઈ વિચાર વ્યકત નહોતો કર્યો પરંતુ ત્યારબાદ આ મામલે એક સમિતિ દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો. ત્યારે નહેરૂએ રિપોર્ટ જોયા બાદ એક મોડર્ના સિસ્ટમનો અમલી બનાવવાનો નિર્ણય કર્યો. ૧૯૫૭માં કોંગ્રેસનો કેરળ સિવાયના દરેક રાજયમાં વિજય થયો અને તેમણે ત્યારે મોડર્ના પંચાયતી રાજની શરૂઅત કરી દીધી. ૧૯૫૯માંર તેની શરૂઆત થઈ હતી. જોકે ૧૯૬૪માં તેમના નિધન બાદ બધુ ચોપટ થઈ ગયું, ત્યારબાદ રાજીવ ગાંધી સત્તામાં આવ્યા. ત્યારે તેમણે આ વ્યવસ્થાને પાછી લાવવાનું કામ કર્યું. ઉત્તરપ્રદેશ સિવાય મોટાભાગના રાજયોમાં આ વ્યવસ્થા સફળ થઈ. પછી રાજયોનો વિકાસ ઝડપી થયો. દરેક જગ્યાએ દરેક રાજ્યોમાં કામ ઝડપી થવા લાગ્યા કેમ કે ગ્રામીણ સ્તરેથી એક કાર્યકારી અને વહીવટી વ્યવસ્થા સ્થાપિત થઈ ગઈ હતી અનો જેનો લાભ દરેક નાગરિક સુધી પહોંચવા લાગ્યો હતો.

# ૨૧મી સદીના 'વર્ક પ્લેસ' માં સમાન તકો અને સુરક્ષિત માહોલ મળે તો મહિલાઓ ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરી શકશે

મુંબઈ તા.૨૩ અમિતાભ બચ્ચનની દોહિત્રી નવ્યા નવેલી નંદા મહિલાઓની સમસ્યા ઉપર માત્ર સામે ચાલીને પોતાની વાત રાખતી નથી, પરંતુ મહિલાઓ માટે પાયાના સ્તરે કામ પણ કરી રહી છે.આપણે સત્તાના પદ ઉપર વધુ મહિલાઓને જોવાની જરૂર છે અને એ ત્યારે જ શક્ય બને જો મહિલાઓ સ્વયં પોતાની તાકાતને ઓળખે અને પુરૂષોની જેમ માત્ર એક્ટીંગ ન કરે એવું નવ્યા નવેલી નંદા કહે છે. ભારતની વસ્તીમાં મહિલાઓની સંખ્યા ૪૮ ટકા છે.તેમ છતાં બહુ ઓછા પ્રમાણમાં મહિલાઓ ભારતના આર્થિક વિકાસ માટે એક્ટીવ ડ્રાઈવર્સ બનવા સક્ષમ છે. મહિલાઓની સમસ્યાઓ અને જરૂરિયાતો માત્ર એક મહિલા જ સમજી શકે છે કારણ કે તેમણે પણ પોતાના જીવનમાં ક્યારેક આવી જ મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કર્યો હોય છે. મહિલા સશક્તિકરણની વાતો તો ખૂબ થાય છે પરંતુ વાસ્તવિક પાયાના સ્તરે કામ કરનારા બહુ ઓછા લોકો છે. નવ્યા નવેલી નંદાએ એક સંસ્થા શરૂ કરી છે જે મહિલાઓની કાનૂની લડત લડશે. જે યુગમાં હવે માનવ ઈન્ટેલિજન્સનું સ્થાન આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સ લઈ રહ્યું છે ત્યારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ સહિત ઘણા એવા રિપોર્ટ મળી રહ્યાં છે જેમાં એવો નિર્દેશ આપવામાં આવી રહ્યો છે કે ૨૧મી સદીમાં વર્ક પ્લેસ માટે જે કૌશલ્યની તાતી જરૂર છે તેમાં ઈમોનશલ ઈન્ટેલિજન્સ, ક્રિએટીવ પ્રોબ્લેમ સોલ્વીંગ, ક્રિટીકલ થિંકીંગ અનેસ્ટોરી ટેલીંગનો સમાવેશ થાય છે. જો તમે તેના અંગે વિચારશો તો આ બધી લાક્ષણિકતાઓ મહિલાઓમાં સહજ રીતે હોય છે અને આ ક્ષમતાઓમાં તેઓ સક્ષમ છે. સહાનુભૂતિ, અનુકંપા અને સંવેદનશીલતા જેવા મહિલાને પ્રાપ્ત થયેલા લક્ષણોને કમજોર ગણવામાં આવે છે. વાસ્તવમાં આજના વર્ક વર્લ્ડમાં સમસ્યાઓને હલ કરવા માટે આ બધા લક્ષણો એક પ્રકારની તાકાત છે જેનાથી નેતાઓ સુસજ્જ હોવા જોઈએ. આથી આપણે મહિલાઓને વર્ક પ્લેસના સંદર્ભમાં તાલીમ આપવા માટે એક મિકેનિઝન તૈયાર કરવું જોઈએ. સૌપ્રથમ તો ઓછી આવક ધરાવતાં સમુદાયોમાંથી આવતી મહિલાઓને રોજગારની તકો મળવી જોઈએ કે જેમાં તેઓ સર્જનાત્મક થઈ નેમોશનલ ઈન્ટેલિજન્સ ઉપર કામ કરી શકે. તેમની મહત્વાકાંક્ષા અને વિઝન વધુ વ્યાપક બનાવવાની જરૂર છે. બીજું વર્ક ફોર્સમાં મહિલાઓને સમાનતા પ્રોજેકટ કરવા માટે માત્ર કાગળ ઉપર જ સામેલ કરવામાં આવે છે પરંતુ સૌથી વધુ રોજગાર સર્જતા પરંપરાગત એસએમપીમાં મહત્વની ભૂમિકા માટે ભાગ્યે જ તેમના અંગે વિચારવામાં આવે છે. કોર્પોરેટ અને ખાસ કરીને સત્તા ઉપર બિરાજતા પુરૂષ નેતાઓએ મહિલાઓ માટે સમાન તકો અને સુરક્ષિત માહોલ સુનિશ્ચિત કરવા સક્રિય પ્રયાસો હાથ ધરવા જોઈએ તો જ મહિલાઓ ૨૧મી સદીના વર્ક પ્લેસમાં સ્થાન પ્રાપ્ત કરી શકશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસનું મૂળ ક્યાં ?

વિશ્વભરમાં કોરોનાએ ભારે હાહાકાર મચાવ્યા બાદ તેની ઉત્પત્તિનું મૂળ શોધવા અમેરિકા સહિતના દેશોના વૈજ્ઞાનિકોએ અનેક પ્રયાસો કર્યા છે. કોરોના મહામારીના દોરમાં સમગ્ર વિશ્વ ઝઝૂમી રહ્યું છે. કોરોનાથી સુરક્ષિત રહેવા કેટલીક વેક્સિનો બજારમાં આવી ગઈ છે અને વિશ્વભરના દેશોમાં વેક્સિન અભિયાન ચાલી રહ્યા છે. પરંતુ કોરોના ? વાયરસના નવા નવા વેરિઅન્ટ એક પછી એક નવા નવા રૂપે સામે આવતા રહે છે. અને તેમાં પણ વેક્સિન લેનારાઓ પણ કોરોના વેરિઅન્ટનો ભોગ બની રહ્યા છે. જે કોરોના વેક્સિનની અસરકારકતા સામે શંકા કુશંકાઓના વાદળો ખડા કરી દે છે. કોરોના વાયરસનું ઉત્પતિ સ્થાન શોધવા વૈજ્ઞાનિકો ભરપૂર પ્રયાસો કરી રહ્યા છે. પરંતુ તેમાં સફળતા મળી નથી. જ્યારે કે ચીનની વુહાન લેબમાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું સમગ્ર વિશ્વમાં માનવામાં આવે છે. બીજી તરફ ચીન છોડી ભાગી નીકળેલ વુહાન લેબમાં કાર્ય કરતી ચીની વૈજ્ઞાનિક મહિલાએ અમેરિકા પહોંચી આક્ષેપ કરેલ કે કોરોના વુહાનમાંથી પેદા થયો છે અને ફેલાયો છે. અહી કોરોના વાયરસ બાબતે સંશોધન ચાલી રહ્યું હતું અને વિશ્વના દેશોને હંફાવવા, આર્થિક ફટકો આપવા ચીન દ્વારા ફેલાવેલું ષડયંત્ર છે. કારણકે વિશ્વ ભરમાં ચીનને આર્થિક રીતે ટોપ ઉપર સ્થાપિત થવું હતું. જેથી કોરોના લીક કરવામાં કે કોરોના ફેલાવવામાં ચીન પોતે જવાબદાર છે. આ ચીની મહિલા વૈજ્ઞાનિક વિવિધ ઓટોપ્સીની ચકાસણી પછી દાવો કરેલો તેમ તેણીનું કહેવું છે. જ્યારે કે કોરાના વાયરસ બાબતે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની એક ટીમ કોરોના વાયરસ તપાસ અનુસંધાને ચીન ગઈ હતી. પરંતુ આ નુકસાન લેબમાં તપાસ કરી શકી ન હતી અને વુહાન શહેર તથા ત્યાના માર્કેટોમાં તપાસ કરી જાહેર કરેલ કે કોરોના વાયરસ ચામાચીડિયા દ્વારા ફેલાયો હોઈ શકે છે. ડબલ્યુએચઓ ફરી એકવાર કોરોના વાયરસની તપાસ કરવાની ના ચીન સમક્ષ રજૂઆત કરી પરંતુ એ માટે ચીને તદન ઈન્કાર કરી દીધો.....!

કોરોના વાયરસે વિશ્વભરમાં હાહાકાર મચાવવાનું શરૂ કર્યુ ત્યારે એ સમયની તપાસમાં એવી વિગતો બહાર આવી હતી કે વુહાનના એક બજારમાં સી ફુડની સાથે વન્ય પ્રાણીઓનું માસ વેંચાતું હતું. જેમાં ચામાચીડિયા પણ વેંચાતા હતા, જેમાંથી કોરોના વાયરસનું સંક્રમણ થયું હોવાનું જણાયુ હતું. દરમ્યાન પશ્ચિમી દેશોના મીડિયામાં અહેવાલો આવ્યા હતા છે કોવિડ૧૯ નામનો રોગ ફેલાવતો આ સાર્સ કોવિ ૨ નામનો વાયરસ વુહાન લેબમાંથી થયો.... ત્યારે બીજી તરફ વિશ્વભરમાં એવી વાતો ફરી વળી હતી કે ચીનની ખાનગી સૈન્ય પ્રયોગશાળામાં આ વાયરસ બાયોલોજીકલ વેપન મતલબ જૈવિક હથિયારના રૂપમાં બનાવવામાં આવ્યો હતો. જોકે વૈજ્ઞાનિકોએ આ વાતનો છેદ ઉડાડી દીધો હતો. કોવિડ-૧૯ કોરોના વાયરસ પ્રાણીઓમાંથી માનવીઓમાં પ્રસરેલો રોગ છે. એટલે કે જિનેટિક બીમારી છે. કારણ અગાઉ એચઆઈવી, એઈડ્ઝ, સ્ટાર્સ, ઈબોલા તેમજ મર્સ જેવા જીવલેણ વાઈરસ જીનેટીક ગણાયા છે. બીજી તરફ એવી વિગતો બહાર આવી છે કે વન્ય જીવોના બજારો આવી બીમારી ફેલાવવામાં મોટો ભાગ ભજવે છે. અને આવા બજારો ચીન, વિયેટનામ જેવા દેશોમાં વિશેષ છે. ઉપરાંત તાજુ માંસ અને સી ફૂડ મળતું હોય તેવી જગ્યાઓથી પણ વાયરસ ફેલાય છે. જોકે કોવિડ-૧૯ બાબતે પણ કહેવાય છે કે તેની ઉત્પત્તિ વુહાનના સી ફૂડ હોલસેલ માર્કેટથી થઈ છે. બીજી તરફ અમેરિકા-ચીન ઉપર કોરોના ઉત્પતિ માટે આક્ષેપો કરતું આવ્યું છે. આ બધી બાબતોમાં ચીનની તકલીફ એ રહી છે કે તે કોરોના ફેલાવા બાબતે ખોંખારો ખાઈને કશું કહેતું નથી. અને વૈજ્ઞાનિકો માંગ કરી રહ્યા છે કે કોરોના વાયરસ વુહાનની લેબમાંથી ફેલાયો હતો કે નહીં તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ..... પરંતુ જે ચીનમાં માણસને સાધન માનવામાં આવે છે તે ચીન ઉપર આવી તપાસ માટે આશા રાખવી નકામી છે.....? વિશ્વનાં અમેરિકા, જાપાન, બ્રિટન, ફાંન્સ, જર્મની, ઓસ્ટ્રેલીયા જેવા સફળ અને મજબુત દેશો આ વાયરસનો નક્કર તોડની રસી હજુ વિશ્વાસપૂર્ણ બનાવી શકયા નથી...!

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સત્યને વળગી રહેશો તો અવશ્ય ઈશ્વરની પ્રાપ્તિ થશે.

- શ્રી રામકૃષ્ણપરંમહંસ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ.મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ વદ-૧ શિવપૂજન, શિવમુષ્ટિ (મગ), ઈષ્ટી, પંચક, હિંડોળા સમાપ્ત, ગાયત્રી પુનઃશ્ચરણ પ્રારંભ તા.૨૩ ઓગષ્ટ ૨૦૨૧, સોમવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧૪, શત્તતારા નક્ષત્ર, અતિગંડ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૧૯:૧૬


આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ ષ સ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# રઢુ : ત્રિવેણી સ્વરૂપ પ્રાચીન કામનાથ મહાદેવ, અહી સચવાયેલું છે ૬૦૦ વર્ષ ઉપરાંતનું જૂનું શુધ્ધ ઘી

## ભક્તો દ્વારા દાન કરાયેલ ઘીને કાળા માટલામાં સંગ્રહ કરાય છે, વર્ષો સુધી ઘી બગડતું નથી કે જીવાત પડતી ન હોવાની અતૂટ પરંપરા



ધોળકા તા.૨૩

દેવોના દેવ મહાદેવની પુજા-અર્ચના અને આરાધનાના પવિત્ર શ્રાવણ માસનો આ વર્ષે યોગાનુયોગ સોમવારે પ્રારંભ થઈ રહ્યો છે. સંયોગ એ પણ છે કે માસના અંતિમ દિવસે પણ સોમવાર છે. આ વર્ષે શ્રાવણ માસમાં પાંચ સોમવાર હોવાથી શિવભક્તોમાં હરખની હેલી વ્યાપી છે. ખેડા જિલ્લામાં રઢુ ગામે આવેલ અતિપ્રાચિન શ્રી કામનાથ મહાદેવમાં ૬૦૦ વર્ષ ઉપરાંતથી સંગ્રહ કરાયેલ શુધ્ધ ઘી ક્યારેય બગડતું ન હોવાનું, જીવાત પડતી ન હોવાથી અતૂટ પરંપરા જળવાયેલી છે. ખેડા નજીક રઢુ ગામ નજીક આવેલ પાંચ નદીઓના સંગમ સ્થાન નજીક આવેલા કામનાથ મહાદેવમાં શિવના ત્રિવેણી સ્વરૂપના અલૌકિક દર્શન થાય છે. જેમાં શિવલીંગ સ્વરૂપે દેવાધિદેવના દર્શન કરીનો ભાવિકજનોના હૃદય પુલકિત થઈ ઉઠે છે. સોમવાર, તહેવાર તથા સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન અહી દર્શનાર્થીઓની સતત અવરજવર જોવા મળે છે. ચરોતર ઉપરાંત ગુજરાત અને અન્ય રાજયોમાંથી પણ શિવભક્તો વાર-તહેવાર અહી અચૂક દર્શનાર્થે આવે છે. ભાવિકજનો અનુસાર અહીં નાની દેરીમાં મહાદેવજીની જયોત રઢુના ભાવિકજન જેસીંગભાઈ હીરાભાઈ પટેલ લાવ્યા હતા. મહાદેવજી દર્શન કર્યાવિના કાંઈ ન આરોગવું તેઓ તેમનો નિયમ હતો. જોકે તે સમયે ગામમાં મહાદેવનું મંદિર ન હોવાથી તેઓ વાત્રક નદી ઓળંગીને સામે કાંઠે ૮ કિ.મી. ના અંતરે આવેલ પુનાજ ગામના મહાદેવ મંદિરે નિયમિત દર્શને જતા હતા. દરમ્યાન એકવાર વાત્રક નદીમાં ધસમસતું પૂર આવ્યુ હતુ. લગભગ સાત-આઠ દિવસ નદી જળબંબાકાર રહી હોવાથી જેસીંગભાઈ સામે કિનારે આવેલ મહાદેવજીના દર્શને ન જઈ શક્યા. આથી આઠ દિવસ ઉપવાસ ઉપર રહ્યા. દરમ્યાન રાત્રિના સમયે તેઓને સ્વપ્ન આવ્યુ, જેમાં પુનાજના મહાદેવજીએ કહ્યુ કે, તુ ઘીનો દીવો પ્રગટાવીને મને અહીથી તારી સાથે તારે ગામ લઈજા. રાત્રિના સ્વપ્નની જેસીંગભાઈ પટેલે સૌને વાત કરી. ત્યારબાદ સૌ પુનાજ ગામે ગયા. જ્યાં મહાદેવ મંદિરમાં દાદાનો દીવો પ્રગટાવીને પરત રઢુ આવવા નીકળ્યા. તે દિવસ શ્રાવણ વદ-૧૨ હતી. વરસાદ અને પવનની વચ્ચે પણ રઢુ સુધી અખંડ દીવો લવાયો. સૌએ મહાદેવજીના જયજયકાર સાથે નાની દેરી બનાવીને દિવાની સ્થાપના કર્યા બાદ સમયાંતરે મંદિર બનાવવામાં આવ્યું. જેમાં મહાદેવજીની પ્રાણપ્રતિષ્ઠા અને અખંડ જયોત ઝળહળતી રાખવામાં આવી હતી. આજદિન સુધી આ અખંડ જ્યોત સતત પ્રજવલ્લિત થઈ રહી છે અને તેમાં પૂરવા માટે ભાવિકોજનો તરફથી ઘીનું અવિરત દાન મળી રહ્યું છે. દૈનિક ૮ કિલોથી વધુ ઘી નો વપરાશ થાય છે. પરંતુ ભાવિકજનો દ્વારા દાનમાં અપાયેલ ઘી ના અહીં કાળા માટલાઓમાં અખૂટ ભંડાર ભરેલો રહે છે. લગભગ ૬૦૦ વર્ષથી સંગ્રહાયેલ શુધ્ધ ઘી કયારેય બગડ્યુ નથી. શિવભક્તો શ્રધ્ધા અને મહાદેવની કૃપાથી જ છ શતક જૂનું ઘી યથાવત રહ્યાની વાત આસ્થાળુઓની શ્રધ્ધાનું ખાસ કારણ બની રહી છે. મંદિરમાં ત્રીજી પેઢીથી મહાદેવજીની સેવા-પુજા હરીશપુરી ગોસ્વામી કરી રહ્યા છે.

### મંદિરમાં ૧૧૦૦થી વધુ કાળા માટલાઓમાં ઘીની સાચવણી

શ્રી કામનાથ મહાદેવ મંદિરના ત્રણ ઓરડાઓમાં વર્ષોથી હજારો કિલોથી વધુ ઘી સચવાયેલું છે. આશરે ૧૧૦૦થી વધુ માટીના મોટા કદના કાળા ગોળીઓમાં શુધ્ધ ઘી સચવાયેલું છે. શુધ્ધ ઘીનો ઉપયોગ ફકત દીવા માટે અને મંદિરમાં અને મંદિરમાં હોમાત્મક યજ્ઞમાં જ થાય છે. ઉપરાંત ગામના મંદિરોમાં દીવા માટે આ ઘીનો ઉપયોગ કરવામાં આવે છે. ગામમાં વર્ષોથી પરંપરા રહેલી છે કે, જે ઘરે ભેંસ અથવા ગાયનું વિયાણ થાય તેનું ઘી મહાદેવજીના દીવા માટે પૂરવામાં આવે છે. આ ઘીનો ફક્ત દીવા સિવાય અન્ય કોઈ ઉપયોગ થતો નથી.

### સમગ્ર શ્રાવણ માસમાં અખંડ ઘીનો યજ્ઞ, કાળા તલની આહૂતિની પરંપરા

રઢુ કામનાથ મહાદેવ મંદિરમાં સંવત ૨૦૫૬થી દર વર્ષે સમગ્ર શ્રાવણ માસમાં અખંડ ઘીનો યજ્ઞ કરવામાં આવે છે. જેમાં ઓમ નમઃશિવાયના મંત્ર સાથે કાળા તલ સાથેની આહૂતિ આપવામાં આવે છે.દર સોમવારે આકર્ષક ફૂલવાડીનો શણગાર પણ કરવામાં આવે છે. શ્રાવણ વદી-૧૨ના દિવસે દીવા સ્વરૂપે મહાદેજી સ્વયં ગામમાં પધાર્યા હોવાથી આ દિવસો પારંપરિક લોકમેળો યોજાય છે. આ પ્રસંગે શોભાયાત્રા, ભજન કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાય છે. શ્રાવણ માસમાં દર સોમવારે શિવ મહિમ્ન સ્ત્રોત પઠન,સંધ્યા આરતી મશાલ પ્રજવલ્લિત કરવામાં આવે છે.

# નવા કૃષિ કાયદામાં સુધારાની માંગ સાથે ભારતીય કિસાન સંઘ ૮ સપ્ટેમ્બરથી દેશવ્યાપી આંદોલન કરશે

મુંબઈ તા.૨૩

આરએસએસ સાથે જોડાયેલ ભારતીય કિસાન સંઘે(બીકેએસ) ગુરૂવારે જણાવ્યું હતુ કે સંગઠન ખેડૂતોને તેમના ઉત્પાદનના ખર્ચ સહિત પાકની લાભદાયક કિંમત આપવા માટે દબાણ બનાવવા ૮, સપ્ટે.થી દેશવ્યાપી આંદોલન કરશે. સાથે જ કેન્દ્રએ નવા કૃષિ કાયદામાં સુધારા કરવાની અપીલ કરી છે જેને લઈને કિસાનોનો એક વર્ગ વિરોધ કરી રહ્યો છે. કિસાન સંગઠનો જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે મુખ્ય કૃષિ પેદાશો માટે લઘુત્તમ સમર્થન મૂલ્ય(એમએસપી)ની ચૂકવણીની જોગવાઈ જોડવા માટે અથવા તો એક નવો કાયદો લાવવો જોઈએ અથવા તો ગઈ સાલ પાસ કરવામાં આવેલ કૃષિ માર્કેટીંગ કાયદામાં ફેરફાર કરવો જોઈએ. બીકેએસના ટોચના પદાધિકારી દિનેશ કુલકર્ણીએ નાગપુરમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે ઉત્પાદન ખર્ચને સામેલ કરીને કિસાનોને તેમની કૃષિ પેદાશો માટે લાભકારક કિંમત મળવી જોઈએ જે તોમનો વર્તમાન પ્રણાલિમાં મળતી નથી. બીકેએસના અખિલ ભારતીય સંગઠન મંત્રી કુલકર્ણીએ જણાવ્યું હતું કે લાભકારી મૂલ્યમાં ઉત્પાદન ખર્ચ સાથે જ લાભ સામેલ છે અને અમારી આજ માંગણી છે. લાભકારી મૂલ્ય કિસાનોનો અધિકાર છે જે સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવો જોઈએ. તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા વર્તમાનમાં જાહેર એમએસપી લાભકારી મૂલ્ય નથી. જો તેઓ આવું કરી રહ્યાં ન હોય તો તેમણે કમસેકમ જાહેર કરાયેલ એમએસપી આપવા જોઈએ અને તેના માટે એક કાયદો બનાવવો જોઈએ. કુલકર્ણીએ જણાવ્યું હતું કે ત્રણ નવા કૃષિ કાયદામાં એમએસપી કે કૃષિ પેદાશ માટે લાભદાયક મૂલ્ય સુનિશ્ચિત કરવા અંગે કોઈ જોગવાઈ નથી. તેમણે જણાવ્યું હતું કે સરકારે વર્તમાન કૃષિ કાયદામાં આ લાભદાયી મૂલ્ય એટલે કે વળતર આપતાં મૂલ્ય સુનિશ્ચિત કરવા જોઈએ અથવા તો તેના માટે એક અલગ કાયદો બનાવવો જોઈએ સરકારે કોન્ટ્રેક્ટ ફાર્મિંગ અંગે ગાઈડલાઈન તૈયાર કરવી જોઈએ કે જેમાં પાકને એમએસપીથી ઓછા ભાવે ખરીદી થવી જોઈએ નહીં. તેમાં કમસેકમ ૨૩ પાક માટે આ જોગવાઈ લાગુ કરવી જોઈએ કેન્દ્રના નવા કૃષિ માર્કેટીંગ કાયદા અંગે પૂછતાં કુલકર્ણીએ જણાવ્યું હતુ કે તેમાં સુધારાની જરૂર છે.

# બ્રહ્માજીના પત્ની સાવિત્રી દેવીએ કરેલી શિવ આરાધના



શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

પિતામહ બ્રહ્માજીના પત્ની સાવિત્રી દેવીએ મૃત્યુલોકના લોકોના કલ્યાણ માટે પવિત્ર પ્રભાસ ક્ષેત્રમાં શિવજીના લિંગની વિધીવત્ સ્થાપના કરી. ત્યાર બાદ નિયમિત રીતે તેની વિધીસર પુજા કરતાં કરતાં ઈન્દ્રીયોને વશમાં કરી અન્ન-જળનો પણ ત્યાગ કરી કેવળ વાયુનો આશ્રય લઈ ભગવાન શિવજીના ધ્યાનમાં તે તલ્લીન થઈ ગયા.

સાવિત્રી દેવીની આવી ઉગ્ર તપસ્યાથી આખરે પ્રસન્ન થઈ અને દેવાધિદેવ મહાદેવ ત્રિશુલ સહિત સાક્ષાત પ્રગટ થયા. સાક્ષાત શિવજી દર્શન કરી તેમણે સ્તુતિ કરવા માંડી, 'હે દેવાધિદેવ, આ સમગ્ર જગત તમારાથી જ ઉત્પન્ન થાય છે અને તમારામાં જ લય પામે છે. આપ સનાતન રૂપ છો. સત્ય કામના વાળા સજજન લોકો માટે તમે ઉત્તમ છો. મુક્ત લોકો માટે અપવર્ગ રૂપ છો. આત્મ જ્ઞાનિયો માટે કેવલ્યરૂપ છો. જે પ્રાણીમાત્ર શ્રધ્ધા અને ભક્તિપૂર્વક તમારા શરણે આવે છે અને તેને આપ દર્શન આપો છો. જે તારા સાક્ષાત સ્વરૂપના દર્શન કરે છે તે પ્રાણીનો ક્યારેય પૂનર્જન્મ નથી થતો. તેને મરણનો પણ ભય નથી રહેતો. તેને કશુ જાણવાનું કંઈ બાકી નથી રહેતું. આ પ્રકાશે સાવિત્રીજીની સ્તુતિ સાંભળી અને તેમના અંતઃકરણનો અભિપ્રાય જાણી બ્રહ્મેશ્વર ભગવાન શિવજી બોલ્યા, ' જે મનુષ્ય પૂર્ણિમા તિથિએ ચંદન, પુષ્પ વગેરે ઉપકરણો વડે તમે સ્થાયેલા આ શિવલીંગની વિધિવત્ પુજા કરશે, તેને હું ઈચ્છીત વરદાન આપીશ. હવેથી આ શિવલીંગમાં હું અંશથી નિવાસ પણ કરીશ. તેનું પુજન કરનારા મહાપાપી હશે તો પણ તે બધાજ પાપોથી છુટી જઈ, તમામ સારી મનોકામનાઓથી પૂર્ણ થઈ તે મારા લોકને પામશે.'

આવરદાન આપી શિવજી અન્તધ્યાન થઈ ગયા અને સાવિત્રી દેવી બ્રહ્મલોકમાં ગયા.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૨૩-૮-૨૦૨૧ થી ૨૯-૮-૨૦૨૧ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરીયાત વર્ગનો ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ. | સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમ્યાન ખૂબ જ કાળજી રાખવી નાહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમ્યાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદુઃખ થાય. | આર્થિક લાભની તક અપાવનારૂ આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રો નવિન ફેરફારો થાય તેવી શકયતા છે. નોકરીયાત વર્ગનો ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીનો લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમ્યાન જમીન-વાહનનો લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે. | આ સપ્તાહ દરમ્યાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનાસંબંધિ ચિંતા અનુભવાય. | આ સપ્તાહ દરમ્યાન હરવા-ફરવાનો પ્રસંગ બનો. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેકટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનાવું. વિશ્વાસો વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય. | નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારનો લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તો બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બનો. |
| **તુલા : ર.ત. સ્વામિ - શુક્ર** | **વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ** | **ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ** | **મકર : ખ.જ. સ્વામિ - શની** | **કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની** | **મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ** |
| આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહન ઉપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ. | ભૌતિક સુખમાં વધારો કરનારૂ આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારૂ હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારૂ આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે. | પારિવારીક કે સામાજિક કાર્યોની અધિકતા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે. | નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારૂ આ સપ્તાહ સમસ્યાઓનું સામાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો. | કાર્યબોજની અધિકતાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. નવિન આયોજન પાર પડે. કૌટુંબિક પરેશાની દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય. | આ સપ્તાહ દરમ્યાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનાવું પડે. આર્થિક નવા આયોજનો પાર પડે. જીવનસાથી સાથે આનંદ-પ્રમોદનો પ્રસંગ બને. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી. |

# ભારતે અફઘાનિસ્તાનનાં પતન અને તાલીબાન શાસન અંગે પોતાની રણનીતિ સ્પષ્ટ કરવાની જરૂર હતી : ભૂતપૂર્વ રાજદૂત રાકેશ સૂદ

અફઘાનિસ્તાનમાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત અને હાલમાં ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના પ્રતિષ્ઠિત ફેલો, રાકેશ સૂદે કહ્યું છે કે, ઈસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાનના પતન અને તાલિબાનના શાસન હેઠળના અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાતના ઉદય સાથે ભારત માટે તેની અસરો નકારાત્મક છે. નેપાળ અને ફ્રાન્સમાં પણ રાજદૂત તરીકે સેવા આપી ચૂકેલા સૂદે કહ્યું કે ભારતની નીતિ આ મુદ્દે દૂરદ્રષ્ટિ સાથે રહી નથી અને ભારતે તેના તમામ ઈંડાં એક ટોપલીમાં મૂકવાને બદલે અન્ય વિકલ્પો શોધવાની જરૂર છે. રાકેશ સૂદ સાથેની મુલાકાતના સંપાદિત અંશો તાલિબાનોએ કબજો મેળવ્યો હોવાથી ભારતનો આ પડોશી દેશ અસ્થિર બન્યો છે. ત્યાં કેવા પ્રકારની સરકાર રચાય તેવી શક્યતા છે ? મને લાગે છે કે જે સરકાર બનશે તેના આકારની આગાહી કરવી મુશ્કેલ છે. જો કે, નિવેદનોએ સંકેત આપ્યો છે કે તે અફઘાનિસ્તાન ઈસ્લામિક અમીરાત હશે. તેમના નિવેદનો લઘુમતીઓના અધિકારો, મહિલાઓના અધિકારો અને અન્ય ઘણા પાસાઓ વિષે અસ્પષ્ટ રહ્યા છે. તાલિબાનમાં જુદા જુદા જૂથો હોવાથી સરકારના પ્રકારની આગાહી કરી શકાતી નથી. છેલ્લા કેટલાક વર્ષોથી, અમે તે જૂથ જોઈ રહ્યા છીએ જે દોહાથી બાકીના વિશ્વ સાથે વાટાઘાટો કરી રહ્યો છે. પછી ત્યાં ક્વેટા શુરા છે, અને તેઓ ક્વેટામાં સ્થિત છે. અમે જાણીએ છીએ કે નાયબ નેતાઓમાંના એક સિરાજુદ્દીન હક્કાની છે, જે હક્કાની નેટવર્કના વડા છે. તે ખાસ કરીને અફઘાનિસ્તાનના પૂર્વ ભાગમાં પ્રભાવશાળી છે. અન્ય નાયબ નેતાઓમાં મુલ્લા ઉમરનો પુત્ર મોહમ્મદ યાકુબ છે, જે ખાસ કરીને દેશના દક્ષિણમાં તેમના લશ્કરી કામગીરીનું નેતૃત્વ કરે છે. એ પછી વિદેશી આતંકવાદી જૂથો છે-ઈસ્લામિક સ્ટેટ અથવા દાએશ, તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન, પૂર્વ તુર્કસ્તાન ઈસ્લામિક મૂવમેન્ટ (ઈટીઆઈએમ), આઈએમયુ, તાજિક જૂથો અને સીરિયાના પરત આવેલા લડવૈયાઓનું જૂથ. આમાંના મોટાભાગના જૂથો ઉત્તરમાં છે. આ તમામ જૂથો વચ્ચે સત્તાની વહેંચણી એ અહીંના શાસનનો પ્રકાર નક્કી કરશે.

**ભારત માટે તાલિબાનોના અફઘાનિસ્તાન ઉપર કબજાની શું અસરો થશે ?**

ભારત માટે અસરો ચોક્કસપણે નકારાત્મક છે. તેને જોવાની બે રીતો છે અને બંને કમનસીબે નકારાત્મક અસરો ધરાવે છે. સૌપ્રથમ આ ક્ષેત્રમાં પાકિસ્તાનનો પ્રભાવ વધુ છે અને પાકિસ્તાન સાથે આપણા દુશ્મનાવટભર્યા સંબંધો છે. પાકિસ્તાનના પીએમ ઈમરાનખાને ટિપ્પણી કરી હતી કે અફઘાનિસ્તાનમાં તાલિબાનના સત્તામાં આવવાનો અર્થ એ છે કે તેઓએ સ્વતંત્રતા સ્વીકારી છે. સ્પષ્ટ છે કે, પાકિસ્તાન અફઘાનિસ્તાનના વર્તમાન વાતાવરણ વિષે કોઈ ચિંતા દર્શાવતું નથી. બીજું, જો અફઘાનિસ્તાનમાં અસ્થિરતા હોય તો ભારત માટે પ્રાદેશિક સુરક્ષા માટે પણ નકારાત્મક વિકાસ છે.

**શું અફઘાનિસ્તાન ઉપર તાલિબાનોનો કબજો અનિવાર્ય હતો ?**

તેને ટાળી શકાયો ન હતો. કેટલીક રીતે, યુએસએ તેને સ્વીકાર્યું હતું. છેવટે, ગયા વર્ષે જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને અફઘાનિસ્તાનના ઈસ્લામિક અમીરાત વચ્ચે કરાર કરવામાં આવ્યો હતો, આ સૌથી સ્પષ્ટ સંકેત છે કે તેણે ઈસ્લામિક અમીરાતના અસ્તિત્વમાં આવવાનું સ્વીકાર્યું હતું અને આમ કરવાથી તેણે અફઘાન પ્રોજેક્ટ પાકિસ્તાન આઈએસઆઈને સોંપ્યો હતો. કાબુલમાં સરકારના ખર્ચે કરવામાં આવ્યું હતું. અફઘાનિસ્તાનની જેલોમાં કસ્ટડીમાં રાખવામાં આવેલા ૫,૦૦૦ તાલિબાન લડવૈયાઓને મુક્ત કરવા કાબુલમાં સરકાર અનેક મુશ્કેલીઓ હતી. ૨૦૨૦ સુધીમાં, તે સ્પષ્ટ હતું કે ઈસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાનના દિવસો આવી રહ્યા છે.

**અફઘાનિસ્તાનની બાબતોમાં દખલ કર્યા બાદ : સને ૧૯-૨૦ વર્ષ સુધી તાલિબાન આવ્યા બાદ અમેરિકાએ અફઘાનિસ્તાન છોડી દીધું છે.**

**યુએન તરફથી કોઈ મદદ મળતી નથી તો આ દેશના નાગરિકોનું ભવિષ્ય શું છે ?**

કમનસીબે, અફઘાનો માટે ભવિષ્ય અંધકારમય લાગે છે. અફઘાનિસ્તાન એક યુવાન દેશ છે. તેની ઓછામાં ઓછી ૭૦% વસ્તી ૩૦ વર્ષથી ઓછી ઉંમરની છે. ૨૦ વર્ષ પહેલા તાલિબાનને સત્તામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, તેથી લગભગ ૭૦% વસ્તી કાં તો વૃદ્ધ થઈ ગઈ છે અથવા તાલિબાન પછીની દુનિયામાં જન્મી છે. તેઓએ પોતાનું જીવન રૂઢિચુસ્ત સમાજમાં જીવ્યું નથી, પરંતુ ખુલ્લા સમાજમાં મોટા થયા છે. તેથી, અફઘાનિસ્તાનમાં ખાસ કરીને યુવાન વસ્તીમાં ભારે ચિંતા છે કે ભવિષ્યમાં તેઓનું શું થશે.

**ઓગસ્ટ મહિના માટે ભારત UNSCના પ્રમુખ છે. અફઘાનિસ્તાનના નાગરિકોને મદદ કરવા માટે ભારત શું કરી શકે ?**

ભારત કંઈ કરી શકે તેમ નથી. જો ભારતે તેના તમામ ઈંડાં એક ટોપલીમાં મૂકવાને બદલે અન્ય વિકલ્પો શોધી કાઢ્યા હોત તો ભારત વધુ સારી રીતે આયોજન કરી શક્યું હોત. તેના બદલે, હવે અમારી પાસે કાબુલમાં જે પરિસ્થિતિ છે જ્યાં અમે અત્યંત અસ્થિર વાતાવરણમાં અન્ય કંપનીઓ તેમજ ભારતીય દૂતાવાસ માટે કામ કરતા ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે હજુ તેમને બહાર કાઢવાના છે. જો અમે વધુ સારી રીતે આયોજન કર્યું હોત તો ૧૬ ઓગસ્ટ પહેલા એરપોર્ટ હજુ કાર્યરત હતું ત્યારે અમે તેમને અગાઉથી ખાલી કરી શક્યા હોત. આ પ્રક્રિયામાં વિલંબ કરવામાં આવ્યો છે કારણ કે લોકોને બહાર કાઢવામાં થોડા દિવસો વધુ લાગશે.

**શું તમે તેને નીતિનો અભાવ કહો છો અથવા ભારત દ્વારા પડોશમાં સંયુક્ત વ્યૂહરચનાનો અભાવ છે જેણે અમારા પ્રતિભાવમાં વિલંબ કર્યો છે ?**

મને ખબર નથી કે શા માટે સરકારે પોતાની દૂરદર્શિતાનો ઉપયોગ કર્યો નથી. ઘણા વર્ષોથી સ્પષ્ટ છે કે તાલિબાન પાછા આવી રહ્યા હતા. કતારમાં દોહામાં આંતરરાષ્ટ્રીય કાર્યાલય ખોલતાં તાલિબાનની કાયદેસરતાની પ્રક્રિયા જાહેર બની ગઈ હતી. તે કાયદેસરતા તરફ એક પગલું હતું કારણ કે તેઓ હવે પાકિસ્તાન અથવા સરહદી વિસ્તારોમાં છુપાયા નથી. તેઓ આંતરરાષ્ટ્રીય પરિષદોની મુસાફરી કરી રહ્યા હતા, પત્રકારોને મળ્યા હતા અને તે સ્વીકૃતિ મેળવવાની ક્રમિક પ્રક્રિયા હતી. હાર્ટ ઓફ એશિયા પ્રક્રિયા, ઈસ્તંબુલ પ્રક્રિયા, અને મોસ્કો પ્રક્રિયા જેવી વિવિધ શાંતિ પરિષદો થઈ હતી. ૨૦૧૮માં, યુએસએએ તાલિબાન સાથે સીધી વાતચીત કરી, તેને વધુ કાયદેસર બનાવ્યો હતો, અને ગયા વર્ષે એક કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. મને ખબર નથી કે સરકાર દ્વારા તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું કે નહીં અને જો કરવામાં આવ્યું હતું, તો સરકારે તેના માટે શું આયોજન કર્યું હતું.

**શું ભારતે તાલિબાન જેવા કટ્ટરવાદી સંગઠન સાથે જોડાણ કરવું જોઈએ ?**

જો તમે વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા નિવેદનો ઉપર નજર નાખો તો તેમાં જણાવવામાં આવ્યું છે કે, અમે તમામ હિસ્સેદારો સાથે સંકળાયેલા છીએ. અમે બેઠકોમાં ભાગ લીધો છે જ્યાં તાલિબાન હાજર હતા. તેથી, તે 'કટ્ટરવાદીઓ' સાથે જોડાવાનો પ્રશ્ન નથી કારણ કે આ બધા લેબલ છે. અફઘાનિસ્તાનમાં અમારા કેટલાક હિતો છે અને ભારતીય નાગરિકોની સલામતી અને ભારતીય દૂતાવાસમાં રહેલા લોકોની સલામતી સુનિશ્ચિત કરવાની સરકારની જવાબદારી છે.

**શું ભારત તેમની સાથે ન જોડાય એ અવ્યવહારૂ હતું ?**

ભારત ટૂંકી દ્રષ્ટિ ધરાવતું હતું. અમે તેમની વર્તણૂક બદલવા અથવા તેમની અને પાકિસ્તાન વચ્ચે ભાગલા પેદા કરવા માટે તેમની સાથે સંકળાયેલા નથી. આપણે ફક્ત આપણો પોતાનો નિર્ણય લેવા માટે મુક્ત હોવા જોઈએ, કારણ કે આપણે આ પ્રદેશનો ભાગ છીએ. અત્યારે, એવી પરિસ્થિતિ છે જેમાં અમેરિકનોએ ઝડપથી જવાનું શરૂ કર્યું ત્યારે અમે તૈયારી વિનાના રહી ગયા હતા. આ સામાન્ય ધારણા છે. જો અમે તાલિબાન સાથે વાતચીત કરી હોત અને અમારા પોતાના નિષ્કર્ષ ઉપર આવ્યા હોત, તો કદાચ આપણે પ્રતિકૂળ અસરને ઘટાડવા માટે થોડા પગલાં લઈ શક્યા હોત.

**શું આનાથી પાકિસ્તાન અને ચીનની સ્થિતિ આ ક્ષેત્રમાં વધુ સુધરી છે ?**

ચોક્કસપણે. પાકિસ્તાનની અને ચીનની સ્થિતિમાં વધુ સુધારો થયો છે.

**એક યોજના સાથે તાલિબાન શહેરો ઉપર કબજો લેશે તેવું લાગતું હતું. શું તે પાકિસ્તાનની સેનાની મદદ વગર થઈ શકે ?**

મને લાગે છે કે તેમને પાકિસ્તાનની ISI તરફથી મદદ મળી છે. પહેલા તેઓ દૂરના વિસ્તારોમાં પોલીસ અથવા આર્મી પોસ્ટ ઉપર કબજો કર્યો. આ પ્રકારની પોસ્ટ્સ મહત્તમ ૧૫ વ્યક્તિઓ દ્વારા સંચાલિત હોય છે. આશરે ૫૦ સશસ્ત્ર માણસોનું તાલિબાન જૂથો તેમને ઘેરી લેશે અને તેમને જાણ કરવામાં આવશે કે જો તેઓ શરણાગતિ સ્વીકારે તો તેમનું જીવન સુરક્ષિત રહેશે તો તેઓ સામાન્ય રીતે શરણાગતિ સ્વીકારે છે અને પોસ્ટ ઉપર તેમની પાસે જે પણ હથિયારો અને દારૂગોળો હશે તે તાલિબાન લઈ લેશે. આ રીતે તેઓ મે મહિનાથી શરૂ કર્યું. જૂનના ત્રીજા સપ્તાહમાં દેશના ૪૨૧ જિલ્લાઓમાંથી ૮૧ જિલ્લાઓ ઉપર તાલિબાનોનો કબજો હતો. આગામી ચાર સપ્તાહમાં તાલિબાને ૨૨૦થી વધુ જિલ્લાઓમાં પોતાની પકડ વધારી હતી, જે અડધાથી વધુ છે. આ સમય સુધીમાં, તેઓ કસ્ટમ ચેકપોઈન્ટ ધરાવતા જિલ્લાઓને લક્ષ્યાંક બનાવી રહ્યા હતા, જ્યાંથી તેઓ આવક મેળવી શકે. ત્યાંથી તેઓ પ્રાંતની રાજધાનીઓમાં જવા લાગ્યા હતા.

**તમે ૧૯૯૦ના દાયકાના તાલિબાનની તુલના હવે આ વખતના તાલિબાન સાથે કેવી રીતે કરશો ?**

૧૯૯૦ અને વર્તમાનમાં તફાવત એ છે કે જ્યારે તાલિબાને ૧૯૯૬થી ૨૦૦૧માં કાબુલ ઉપર કબજો કર્યો, ત્યારે તાલિબાન માટે કાયદેસરતા મેળવવી એક મુશ્કેલ કાર્ય હતું. ૨૦૦૧માં, માત્ર ત્રણ દેશો હતા જેમણે તાલિબાનને માન્યતા આપી હતી - પાકિસ્તાન, સંયુક્ત આરબ અમીરાત અને સઉદી અરેબિયા. આ વખતે તેઓ કાયદેસરતાનો આનંદ માણે છે. તેઓએ યુએસ સાથે સોદો કર્યો છે, ચીન, રશિયા, તુર્કી, ઈરાન અને અન્ય કેટલાક દેશોની યાત્રા કરી છે. તે મુખ્ય તફાવત છે.

# અફઘાનિસ્તાનમાં ૭૪.૩૭ લાખ કરોડનો 'ખનીજનો ખજાનો' પેટાળમાં સંગ્રહાયેલો છે

નવી દિલ્હી તા.૨૩

અફઘાનિસ્તાન વિશ્વના સૌથી ગરીબ દેશોમાંથી એક છે, જોકે અફઘાનિસ્તાનમાં એક ટ્રિલિયન ડોલર એટલે કે ૭૪.૩૭ લાખ કરોડ રૂપિયાથી વધુનો મિનિરલ્સનો ભંડાર છે. ૨૦૧૦માં અમેરિકાના સૈન્ય અધિકારીઓ અને જિયોલોજિકલ સર્વેએ ખુલાસો કર્યો હતો કે અફઘાનિસ્તાનના મધ્યઅને દક્ષિણ ક્ષેત્રમાં લગભગ એક ટ્રિલિયન ડોલરના મિનરલ્સનો ભંડાર છે, જે દેશના ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સને સંપૂર્ણ રીતે બદલી શકે છે. તાલિબાન સત્તામાં પરત ફર્યા પછી નિષ્ણાંતોને અફઘાનિસ્તાનનાં મિનરલ્સની સુરક્ષાની ચિંતા સતાવા લાગી છે. ઈકોલોજિકલ ફ્યુચર્સ ગ્રુપના ફાઉન્ડર વૈજ્ઞાનિક અને સિક્યોરિટી એક્સપર્ટ રોડ શૂનોવરે કહ્યું હતું કે, સુરક્ષા પડકારો, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની અછત અને દુષ્કાળે પહેલાં આ મિનરલ્સને કાઢવાથી અટકાવ્યાં હતાં. હવે અફઘાનિસ્તાનમાં તાલિબાનો આવવાથી સ્થિતિ બદલાવાની શક્યતા નથી. સૌથી વધુ મિનરલ્સ તરીકે અહીં લોખંડ અને તાંબું છે. એની માત્રા ખૂબ જ વધુ છે. એ એટલી માત્રામાં છે કે અફઘાનિસ્તાન આ મિનરલ્સમાં વિશ્વમાં સૌથી મોટો દેશ બની શકે છે. એની ઉપર તાલિબાનને સમર્થન કરનારા દેશોની નજર લાગેલી છે, જેમાં ચીન પણ સામેલ છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના જણાવ્યા મુજબ, પારંપરિક કારની સરખામણીમાં સરેરાશ ઈલેક્ટ્રિક કાર માટે ૬ ગણા વધુ મિનરલ્સની જરૂરિયાત છે. લિથિયમ, નિકલ અને કોબાલ્ટનો બેટરી બનાવવામાં ઉપયોગ થાય છે. કોપર અને એલ્યુમિનિયમનો ઈલેક્ટ્રિસિટી નેટવર્કમાં ઉપયોગ થાય છે, જ્યારે વિન્ડ ટર્બાઈન સાથે જોડાયેલાં કાર્યોમાં મેગ્નેટ બનાવવા માટે દુર્લભ અર્થ એલિમેન્ટ્સની જરૂરિયાત હોય છે. હાલ સમગ્ર વિશ્વ કાર્બન ઉત્સર્જનને ઓછું કરવા માટે ઈલેક્ટ્રિક કારો અને અન્ય સ્વચ્છ ટેક્નિકને અપનાવવાની દિશામાં આગળ વધી રહી છે. આ કારણે લિથિયમ અને કોબાલ્ટ જેવી મેટલ્સની સાથે નિયોડિમિયમ જેવા દુર્લભ અર્થ એલિમેન્ટ્સની માગ વધી રહી છે. આ વર્ષે મે મહિનામાં ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ કહ્યું હતું કે લિથિયમ, કોપર, નિકલ, કોબાલ્ટ અને દુર્લભ અર્થ એલિમેન્ટ્સની વૈશ્વિક સપ્લાય નહિ વધે તો ગ્લોબલ વોર્મિંગમાંથી બહાર નીકળવાના પ્રયત્નો અસફળ થઈ શકે છે.

**લોખંડ, તાંબું, કોબાલ્ટ અને સોનાનો મોટો ભંડાર**

વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, અફઘાનિસ્તાનમાં લોખંડ, તાંબું, કોબાલ્ટ, સોના અને લિથિયમનો મોટો ભંડાર ઉપલબ્ધ છે. તેમનું માનવું છે કે અફઘાનિસ્તાનના મિનરલ્સ સંશાધન પૃથ્વી ઉપર સૌથી વધુ છે. ઉલ્લેખનીય છે કે હાલના સમયમાં મિનરલ્સ ટેક્નોલોજીની સૌથી મોટી જરૂરિયાત છે. એની મદદથી જ મોબાઈલ ફોન, ટીવી, હાઈબ્રિડ એન્જિન, કમ્પ્યુટર, લેઝર અને બેટરી બનાવવામાં આવે છે. જિયોલોજિકલ સર્વેનું અનુમાન છે કે અફઘાનિસ્તાનમાં લિથિયમનો વિશ્વનો સૌથી મોટો ભંડાર મળી શકે છે. લિથિયમ રિચાર્જેબલ બેટરી બનાવવા માટે અત્યંત જરૂરી છે. જળવાયુ સંકટના નિવારણ માટે આ મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી સાબિત થઈ શકે છે.

**સૌથી અમીર દેશોમાં સામેલ થઈ શકે છે અફઘાનિસ્તાન**

યુએસ જિયોલોજિકલ સર્વેમાં મિર્જાદે ૨૦૧૦માં સાયન્સ મેગેઝિનને જણાવ્યું હતું કે જો અફઘાનિસ્તાનમાં થોડાં વર્ષો શાંતિ રહે છે અને મિનરલ્સ સંશાધનોનો વિકાસ થાય છે તો એ એક દાયકામાં આ ક્ષેત્રનો સૌથી અમીર દેશમાંથી એક બની શકે છે. સમગ્ર વિશ્વમાં લિથિયમ, કોબાલ્ટ અને દુર્લભ અર્થ એલિમેન્ટ્સના ઉત્પાદનમાં માત્ર ૩ દેશનો ૭૫ ટકા હિસ્સો છે. આ દેશોમાં ચીન, રિપબ્લિક ઓફ કાંગો અને ઓસ્ટ્રેલિયા સામેલ છે.

**સૌથી અમીર દેશોમાં સામેલ થઈ શકે છે અફઘાનિસ્તાન**

યુએસ જિયોલોજિકલ સર્વેમાં મિર્જાદે ૨૦૧૦માં સાયન્સ મેગેઝિનને જણાવ્યું હતું કે જો અફઘાનિસ્તાનમાં થોડાં વર્ષો શાંતિ રહે છે અને મિનરલ્સ સંશાધનોનો વિકાસ થાય છે તો એ એક દાયકામાં આ ક્ષેત્રનો સૌથી અમીર દેશમાંથી એક બની શકે છે. સમગ્ર વિશ્વમાં લિથિયમ, કોબાલ્ટ અને દુર્લભ અર્થ એલિમેન્ટ્સના ઉત્પાદનમાં માત્ર ૩ દેશનો ૭૫ ટકા હિસ્સો છે. આ દેશોમાં ચીન, રિપબ્લિક ઓફ કાંગો અને ઓસ્ટ્રેલિયા સામેલ છે.


# પુખ્ત વ્યકિતઓને વેક્સિન લાગી જાય તો જીડીપી ૯.૬ ટકાએ પહોંચશે : ઈન્ડિયા રેટિંગ્સનું અનુમાન

નવી દિલ્હી, તા.૨૩

ભારતની રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા વર્તમાન નાણાંકીય વર્ષમાં ભારતના આર્થિક ગ્રોટ રેટનું અનુમાન ઘટાડવામાં આવ્યું છે.

એજન્સીનું કહેવું છે કે, કોરોનાની બીજી લહેર બાદ દેશમાં આર્થિક હિલચાલે વેગ પકડ્યો છે પણ કોરોનાની વેક્સિન આપવાના અભિયાન ઉપર ઘણો આધાર છે. હાલની સ્થિતિ જોતા ૩૧ ડિસેમ્બર સુધી તમામ પુખ્ત વયના વ્યક્તિઓને દેશમાં કોરોના વેક્સિન મળે તેવું લાગતું નથી.

આ ટાર્ગેટ હાંસલ કરવા માટે રોજ ઉપર લાખ ડોઝ આપવા પડે તેમ છે. એજન્સીનું કહેવું છે કે, દેશમાં જો ડિસેમ્બર સુધીમાં પુખ્ત વયના લોકોને વેક્સિન લાગી જશે તો વર્તમાન નાણાંકીય વર્ષમાં જીડીપી ૯.૬ ટકા પહોંચી શકે છે અને એવું નહીં થાય તો જીડીપી ૯.૧ ટકા રહેશે. રેટિંગ એજન્સીનું કહેવું છે કે, હાલની વેક્સિનેશનની ઝડપની જોતા લગભગ નક્કી છે કે, ૧૮ વર્ષથી વધારે વયના તમામ લોકોને વેક્સિન નહીં લગાવી શકાય. જો કે, કેટલાક સંકેતો એવા છે કે, જેના કારણે અર્થતંત્ર વેગ પકડી રહ્યું હોગ તેમ લાગે છે જેમ કે વાવણીમાં તેજી આવી છે અને એક્સપોર્ટ પણ વધી રહી છે. બીજી પણ કેટલીક રેટિંગ એજન્સીઓએ પણ ઈકોનોમિક ગ્રોથમાં રિકવરી માટે વેક્સિનેશનમાં ઝડપ કરવા માટે સરકારને અપીલ કરી છે.



જેમ પાપ ધોવા ગંગાસ્નાન કરવું પડે તેમ સફળ નેતા સાબિત થવા કૌભાંડ કરવું પડે !



આ કાળાનાણાં ભેગા કરનારા નેતાનાં મોઢા કાળા થઈ જતા હોય તો ?



પિતાજી, તમે મને ક્રિકેટ રમવાની ના કહો છો અને તમે ક્રિકેટની રમત ઉપર જુગાર રમો છો !



મા, તને અને પિતાજીને અંગ્રેજીનો સ્પેલીંગ નથી આવડતો અને મને અંગ્રેજીમાં ભણાવાનો આગ્રહ શા માટે રાખો છો ?

# અમરેશ્વર મહાદેવ ત્રિલીંગ તિર્થધામ રહીજના દર્શન



પવિત્ર શ્રાવણ માસ શિવજીનો માસ ગણવામાં આવે છે. કહેવાય છે કે, અમાસમાં ભગવાન વિષ્ણુ શયન કક્ષમાં ગયા હોવાથી બધા લોકોની જવાબદારી ભગવાન શિવ ઉપર હોય છે. દેવોના દેવ મહાદેવ સૌથી ભોળા દેવ તરીકે ઓળખવામાં આવે છે. આથીજ આ માસમાં ભગવાન શિવની પૂજા-અર્ચના કરવાથી મન માંગ્યું ફળપ્રાપ્ત કરી શકાય છે. આથીજ શ્રાવણ માસમાં ભગવાન શિવજીની પૂજા મહાન ફળદાયી છે.

પાંચ હજારથી પણ વધારે વર્ષોથી મહાભારત કાળમાં જેની સ્થાપના પાંડવોએ કરી હતી એવા પૌરાણિક મંદિર અમરેશ્વર મહાદેવ રહીજનો ઈતિહાસ પૌરાણિક છે. પાંડવોને ચૌદવર્ષ માટે અજ્ઞાત વાસમાં મોકલવામાં આવ્યા ત્યારે પાંડવોની સાથે માતા કુન્તી પણ હતા. આ સમય દરમ્યાન તેઓ પૌરાણિક માન્યતા અનુસાર રહીજ ગામમાં આવ્યા હતા અને આ ગામમાં રાત્રી રોકાણ કર્યુ હતું અને વહેલી સવારે માતા કુન્તીના નિત્યક્રમ અનુસાર ભગવાન શિવની પૂજા કર્યા બાદ જળગ્રહણ કરવાનો નિયમ હતો. અહીં ભગવાન શિવની પૂજા કરવાનો વિચાર કરી માતા કુન્તીએ પુત્રોને જળ શોધવા આજ્ઞા કરી ત્યારે પ્રથમ નકુલ, સહદેવ જળ શોધવા ગયા ચારેબાજુ ફર્યા પણ જળ મળ્યું નહીં ત્યારબાદ અર્જુનાને જળ શોધવા મોકલ્યા પરંતુ તે પણ પાછા ફર્યા, તે જોઈને માતા કુન્તી તેના ઉપર ગુસ્સે થયા અને માતાએ ભીમને આજ્ઞા કરી ગમે તેમ કરો પરંતુ શિવપૂજા માટે જળ શોધી લાવો. કુન્તી માતાની આજ્ઞા લઈ ભીમસેન જળ શોધવા ગયા અને દુર દુર સુધી જળનું ટીંપુ પણ દેખાયું નહીં. ત્યારે ભીમસેન ક્રોધમાં આવી ધરતી ઉપર પાટુ મારતા ત્યાં પાણીનો ધોધ છુટયો જે અત્યારે પણ ભીમવાવ તરીકે પ્રખ્યાત છે. એન ત્યાં ભીમના મોટા મોટા પગલાઓ પણ જોવા મળે છે. પાણી લઈ ભીમસેન માતા પાસે આવે છે ત્યારે કુન્તી માતા યુધિષ્ઠિર અને ભીમસેન ત્રણયે એક એક શીવલીંગની સ્થાપના કરી પૂજા કરે છે. જે હાલ ગર્ભગૃહમાં ત્રણેય લીંગ એકસાથે જોવા મળે છે. જયારે નકુલ અને સહદેવ ત્યાંથી થોડે દુર એક શિવલીંગ અને અર્જુન એક એક શિવલીંગની સ્થાપના કરી જે મંદિરની બહાર જોવા મળે છે.

એક સાથે ત્રણ લીંગ કોઈ એક મંદિરમાં હોય એવું જાણવા મળતું નથી. જયારે ત્ર્યંબકેશ્વરમાં એકજ થાળામાં ત્રણ શિવલીંગ છે. આમ પાંડવો સ્થાપિત આ અમરેશ્વર મહાદેવમાં કુલ પાંચ લીંગ આવેલ છે. જેના ઉપર ખુબ સુંદર મંદિર બનાવેલ છે જેના શિખરની ઉંચાઈ ૫૧ ફુટથી પણ વધારે છે.

સમુદ્રથી નજીક આવેલા આ અમરેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી લોકો ધન્યતા અનુભવે છે. જયાં એક આપ મુક્તિ કુંડ પણ આવેલો છે. અહીં પવિત્ર શ્રાવણ માસ વદ આઠમના મેળાનું પણ આયોજન કરવામાં આવેલ છે. મંદિરની આસપાસનું વાતાવરણ અત્યંત આહ્લાદક અને રમણીય છે. પવિત્ર શ્રાવણ માસમાં લોકો દુર દુરથી આવી ભગવાન શિવજીના દર્શન કરી ખુબજ ધન્યતા અનુભવે છે.

તસ્વીર– અહેવાલ
આચાર્ય ડો.અજય એન. પંડયા

# માનસિક વિકલાંગો સાથે રક્ષાબંધનની ઉજવણી

જૂનાગઢ તા. ૨૩ આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનનાં માનસિક દિવ્યાંગો સાથે જુનીયર ચેમ્બર ઈન્ટરનેશનલ (જેસીઆઈ) જૂનાગઢ દ્વારા ભાઈ-બહેનના પવિત્ર એવા તહેવાર રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી વૃધ્ધ નિકેતન સંસ્થામાં કરવામાં આવી હતી. આ પ્રસંગે તમામ દિવ્યાંગ બહેનોએ જેસીઆઈના મેમ્બર્સ આશાદીપ પરિવારના મેમ્બર્સ, મહેમાનાગણ વિગેરે ભાઈઓને રાખડી બાંધેલ અને ભાઈઓને આશીર્વાદ આપેલ હતા. જેસીઆઈના ભાઈઓએ શુભેચ્છારૂપે બહેનોને રોકડ રકમ આપેલ હતી. તો વળી જેસીઆઈની બધીજ બહેનોએ આશાદીપના દિવ્યાંગ ભાઈઓને રાખડી બાંધીનો પોતાનો પ્રેમ અને લાગણી વરસાવેલ હતા. આશાદીપના દિવ્યાંગ ભાઈઓએ પોતે જાતે બનાવેલી વસ્તુઓ જેસીઆઈના બહેનો તથા અન્યને ગીફટ રૂપે આપી હતી.

આ કાર્યક્રમમાં જેસીઆઈના પ્રમુખ જયદીપભાઈ ધોળકીયા, શિલ્પાબેન મકવાણા, અરવિંદભાઈ સોની, જયશ્રીબેન સંઘવી, સેક્રેટરી ચેતનભાઈ, સંગીતાબેન, આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી ડો.બકુલ બુચ, ટ્રસ્ટી કર્મજ્ઞાબેન બુચ, ડો.સોહમ બુચ, રજનીબેન પુરોહીત ઉપસ્થિત રહયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જેસીઆઈના પ્રોગ્રામ ચેરમેન જયશ્રીબેન વેકરીયા તથા આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનનાં સંચાલક પુર્ણાબેન હેડાવ દ્વારા કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમમાં બંનો સંસ્થાના મેમ્બર્સ રમેશભાઈ, દામીનીબેન, પૂનમબેન, અલ્કાબેન, અમીબેન સોની, સંગીતાબેન, જોશનાબેન હીરપરા વગેરે હાજર રહી સાથ સહકાર આપેલ હતો. આશાદીપ ચેરીટેબલ ફાઉન્ડેશનના દાતાઓ દ્વારા બધાજ દિવ્યાંગોને છત્રી, ૬ નંગ મિલ્ટન વોટર બોટલ આપેલ તથા તમામ બહેનોને ડ્રેસ પણ આપવામાં આવેલ હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જેસીઆઈ આશાદીપ, વૃધ્ધ નિકેતન દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ઘણી બેંકો ગ્રાહકોને હોમલોન ઉપર આપી રહી છે આકર્ષક ઓફરો



નવી દિલ્હી તા. ૨૩ જો તમે ઘર ખરીદવાનું વિચારી રહ્યા હોવ તો આ ઉમદા વિચારમાં વિલંબ કરશો નહીં. અત્યારે હોમ લોન ઉપર બમ્પર ઓફરો મળી રહી છે. ઘણી બેંકો ગ્રાહકોને આકર્ષવા માટે તમામ પ્રકારની વિશેષ ઓફરો આપી રહી છે. સૌથી મોટો ફાયદો પ્રોસેસિંગ ફીને લઈને છે. ઘણી બેંકોએ પ્રોસેસિંગ ફી સંપૂર્ણપણે માફ કરી દીધી છે. આ સિવાય ડોક્યુમેન્ટેશન ચાર્જ પણ માફ કરવામાં આવ્યો છે. કેટલીક બેંકો વ્યાજ દરમાં વિશેષ છૂટ પણ આપી રહી છે.

બેંક ઓફ મહારાષ્ટ્ર તેના હોમ લોન લેનારા ગ્રાહકો માટે વિવિધ પ્રકારની ઓફર આપી રહી છે. બેંકની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ માહિતી અનુસાર, ૩૦ સપ્ટેમ્બર સુધી હોમ લોન ઉપર કોઈ પ્રોસેસિંગ ફી લાગશે નહીં. આ ઓફર ૯ ઓગસ્ટથી લાગુ કરવામાં આવી છે. નિયમિત ચુકવણી કરવા ઉપર, છેલ્લા બે **EMI** પણ માફ કરવામાં આવશે. મહિલાઓને વ્યાજદરમાં ૦.૦૫ ટકાની વિશેષ છૂટ મળશે. લોનની મહત્તમ મુદત ૩૦ વર્ષ હશે. તેમજ ૭૫ વર્ષ સુધીની વ્યક્તિને પણ લોન મળી શકશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ બેંક ૨.૬૭ લાખ રૂપિયા સુધીની સબસિડી પણ આપી રહી છે. જો કોઈ લોન લેનાર વ્યક્તિ સમય પહેલા ચુકવણી કરવાનું પસંદ કરે છે, તો તેને કોઈ દંડ પણ લાગશે નહીં. બેંકે પ્રી-પેમેન્ટ, પ્રિ-ક્લોઝર અને પાર્ટ-પેમેન્ટ ચાર્જ પણ માફ કરી દીધા છે. જો કોઈ ગ્રાહકે હોમ લોન લીધી હોય, તો તેને કાર લોન અને એજ્યુકેશન લોન ઉપર અલગથી વ્યાજ દરમાં છૂટ મળશે. હોમ લોનનો વ્યાજ દર ૬.૯૦ ટકાથી શરૂ થઈ રહ્યો છે, જ્યારે કાર લોનનો વ્યાજ દર ૭.૧૫ ટકાથી શરૂ થઈ રહ્યો છે.

સ્વતંત્રતા દિવસ નિમિત્તે પંજાબ નેશનલ બેંકે હોમ લોન ઉપર વિવિધ ડિસ્કાઉન્ટની પણ જાહેરાત કરી હતી. સ્વતંત્રતા દિવસ ઉપર હોમ લોન ઓફર હેઠળ, બેંકે પ્રોસેસિંગ ફી અને ડોક્યુમેન્ટેશન ચાર્જ માફ કર્યા છે. આ ઓફર ૩૦ સપ્ટેમ્બર સુધી માન્ય છે. હોમ લોનનો વ્યાજ દર ૬.૮૦ ટકાથી શરૂ થઈ રહ્યો છે.

એસબીઆઈ પણ હોમ લોન ઉપર વિવિધ પ્રકારની ઓફર આપી રહી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પણ પ્રોસેસિંગ ફી માફ કરી દીધી છે. આ ઓફર માત્ર ૩૧ ઓગસ્ટ સુધી છે. મહિલાઓને વ્યાજદરમાં અલગથી ૫ બેસિસ પોઈન્ટની છૂટનો લાભ આપવામાં આવી રહ્યો છે. જો તમે **SBI** ની **YONO** સેવા હેઠળ હોમ લોન લેવા માંગતા હોવ તો પણ તમને ૫ બેસિસ પોઈન્ટનો લાભ મળશે. હોમલોનમાં વ્યાજ દર ૬.૭૦ ટકાથી શરૂ થાય છે.

૩૦ લાખ સુધીની લોન ૬.૭૦ ટકા વ્યાજ દરે ઉપલબ્ધ છે. ૩૦ લાખથી ૭૫ લાખ સુધીની હોમ લોન પર વ્યાજ દર ૬.૯૫ ટકા રહેશે. ૭૫ લાખથી વધુની હોમ લોન પર વ્યાજ દર માત્ર ૭.૦૫ ટકા રહેશે. જે લોનધારકો આ યોજનાનો લાભ લેવા માંગે છે તેઓ **SBI YONO** ની મદદથી હોમ લોન માટે અરજી કરી શકે છે. આ સિવાય, તમે ૭૨૦૮૯૩૩૧૪૦ પર મિસ્ડ કોલ આપી શકો છો.

આ સિવાય **SBI** દ્વારા કાર લોન ઉપર પણ પ્રોસેસિંગ ફી માફ કરવામાં આવી છે. ગ્રાહકોને કાર માટે કુલ કિંમત (ઓન રોડ) ના ૯૦ ટકા સુધીની લોન મળશે. **YONO** એપ દ્વારા અરજી કરનાર ગ્રાહકોને ૦.૨૫%ની વિશેષ વ્યાજ છૂટ મળશે. **YONO** ના ગ્રાહકોને વાર્ષિક ૭.૫ ટકાના દરે કાર લોન ઉપલબ્ધ થશે. ગોલ્ડ લોન માટે પણ વ્યાજમાં ૦.૭૫ ટકાની છૂટ છે. **YONO** મારફતે ગોલ્ડ લોન ઉપર કોઈ પ્રોસેસિંગ ફી રહેશે નહીં. આ સાથે, પર્સનલ અને પેન્શન લોન ઉપર પ્રોસેસિંગ ફી પણ માફ કરવામાં આવી છે.

# ડો.જયદીપ શાહની ગઝલ 'ના દે' નો રસાસ્વાદ..

**રોજે સવાર પડતા અભાવ ના દે.**
**દઈ સતત તકલીફો દબાવ ના દે.**

**માણસ છું ને માણસ જ રેહવા દે.**
**પ્રભુ તું મને તારો સ્વભાવ ના દે.**

**પરિચય છે જુનો–પુરાણો આપણો,**
**દોસ્ત નવા તું એકે ય ઘાવ ના દે**

**ક્ષણ–ક્ષણ જિંદગીની માણવી છે તો,**
**આ જીવવા વિશે તું સૂઝાવ ના દે.**

**તાક્ત દે અથવા ડુબાડી દે મને,**
**દરિયા વચ્ચે તૂટેલ નાવ ના દે .**

**આખા જનમની જણસ છે ફક્ત જે,**
**એ લાગણી તો ભાવોભાવ ના દે.**

**પ્રશાંત સૂતો છું કબરમાં જયારે,**
**દઈ હાથમાં ફૂલો લગાવ ના દે.**

**– જયદીપ શાહ**

જીવનના આઠ પ્રહરી ચક્રની પળોજણને દસ ગુરૂ વરણની ગીતનુમા ગઝલ "ના દે"ની અતિ સૌમ્ય સંવાદીતાને ઉપરોક્ત સાત શેરની ગઝ્લમાં અમદાવાદના તબીબ જયદીપ શાહ મત્લાના શેરમાં જ આમ ઉદઘાટિત કરે છે .

**"રોજે સવાર પડતા અભાવ ના દે.**
**દઈ સતત તકલીફો દબાવ ના દે."**

"ના દે" નો હુલામણો નાદ સવારીય શાશન સામે કવિ ગુંજાવે છે. સૂર્યની સવારી નીકળતા આમ તો તમામ દિન પુષ્ટિ-સંત્રુપ્તિના જ અજવાસો રેલાવા જોઈએ. એના બદલે માનવ સ્રુષ્ટિ કાજે તલસાટ- વલવલાટ- અત્રુપ્તિ તથા અભાવની નાગચૂડ જેવી અવસ્થાઓ કેમ સર્જાય છે? એ વિષે ચિંતિત આ કવિ સુફીયાણી વાણીમાં ઈશ્વરને એનું નિરાકરણ સાધવા અણસાર દે છે..

ઈશ્વર સાથેની સંવાદિતામાં હવે આ કવિ એમનાં અસ્તિત્વ વિશેની તીવ્રતાને જ રજુ કરી પડકારે છે.આમ તો અહમબ્રહ્માસ્મિને જ રટતો માનવ જીવ ઐશ્વર્ય સાક્ષાત્કારનો આગ્રહી હોય છે.પણ આ માનવપણાંની ખુદ્દારીનો બેખુદ જીવ ઈશ્વરને ય પડકારતા એનાં સ્વભાવનું રૂપાંતરણ ઈશ્વરીય ચૈતન્યમાં ન કરવા સ્હેજ ખોંખારીને કહે છે.

**"માણસ છું ને માણસ જ રહેવા દે.**
**પ્રભુ તું મને તારો સ્વભાવ ના દે."**

'માણસ'ની દ્વિરૂક્તિનો શ્લેષ અને પ્રભુનું માનવીકરણ આ શેરને અલંકૃત કરે છે.

**"પરિચય છે જુનો–પુરાણો આપણો,**
**દોસ્ત એકે ય નવા તું ઘાવ ના દે."**

પ્રથમ બે શેરમાં કવિની ઈશ્વર સંવાદીતાએ જે ખુદ્દારી પ્રગટાવી એને જ આ કવિ ત્રીજા શેરમાં ભવોભવની મૈત્રીની એક એવી મિસાલ ખડી કરી વણે છે કે જ્યાં એ મૈત્રીમાં ય ઝખમના ધાગા જ વણાતા હોય. જેમ મારો આ એક ઉર્દૂ શેર છે.

**"ઝખમ સે ખેલું, ઝખમ મૈં ઝેલું, ઝખમ પિરોઉં,**
**કલમ કે અંદર.**
**ગઝલ કી ચાદર બુનું મૈં યારો, મગર અસલ મેં**
**કબીર હું મૈં."**

- સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ"

**ઝખ્મોંની પરાકાષ્ટા પર હવે આ કવિ એકે વધારાના ઘાવ ઉમેરી પરોવવા તૈયાર નથી.**

ચોથો શેર પર સંવાદિતામાં સમસ્તિને જ ઈંગિત કરતો હોય એમ જણાય છે.આમ તો માનવ પ્રકુતિજન્ય "દે"ના જ ઉદ્દગારે જીવતો હોય છે.જે માગવાપણું એ અધિકાર રૂપે તો દાખવતો જ હોય છે.પરંતુ શ્રધ્ધાના નામે પણ એ ઈશ્વર પાસે નફફટાઈથી માગતા ય ક્યાં ખચકાય છે? એવામાં આ અસલ અસ્તિત્વને જ સ્વાનુભૂતિની રાહે જીવવા માગતો શાયર હરકોઈને જીવન વિશેના સૂઝાવ અર્થાત "આર્ટ ઓફ લીવીંગ " ન દેવા માટે હાક દે છે.

**"ક્ષણ ક્ષણ જીંદગીની માણવી છે તો,**
**આ જીવવા વિશે તું સૂઝાવ ના દે."**

પાંચમો શેર હાસિલે-ગઝલ છે.જેમાં અસ્તિત્વના અવલંબનને આ કવિ આગવી રીતે પડકારી એની નિર્માલ્યતાનો ય નિષેધ કરે છે.આ ક્રાંતિકારી શેરની ગરજ માણીએ.

**"તાક્ત દે અથવા ડુબાડી દે મને.**
**દરિયા વચ્ચે તૂટેલ નાવ ના દે."**

સ્વ તરણ અથવા તળસમાધિ સિવાયના એકે ય વિકલ્પની આવી ભગ્નતા આ શાયરને ક્યાં મંજૂર છે? કે જે મધદરિયે તૂટેલ નાવની કુપાસહારે અસ્તિત્વને બાથ ભીડે? છઠ્ઠો શેર "લાગણી"ના અતિપ્રચલિત પ્રતીકને પ્રયોજવા છતાં એમાં શૈથિલ્ય ક્યાં પરિણમે છે ? આ અનંત વિહારની અફર સંવેદનાના કવિ તો શાશ્વતી અમોલ લાગણીના તારે જ કબીર જેમ ઢાઈ અક્ષરમાં વણાય છે.એટલે જ એ આ લાગણીનું વ્યાપારીકરણ કરતાં જગને આમ ચેતવે છે.

**"આખા જનમની જણસ છે ફક્ત જે,**
**"એ લાગણી તો ભાવોભાવ ના દે.**

જીવનની ફિલસુફીને સહજ રમાડતા આ કવિ મ્રુત્યુ પશ્ચાત પણ એમની કબરમાં એ જ આત્મજ્યોતિ જગાડી નિર્લેપ શ્રૃંગાર સજી પ્રશાંત નીંદરને વરે છે. એવી અવસ્થામાં પણ એમની સ્મ્રુતિ અંજળના બહાને એમને ફૂલમાળા પ્હેરાવતાં સ્વજનો વિશે, એવી કૃતકતાને ન અનુસરવા જ એ વિનવે છે.

**"પ્રશાંત સૂતો છું કબરમાં જયારે,**
**દઈ હાથમાં ફૂલો લગાવ ના દે."**

આ જ અનુભૂતિને ઝળકાવતો મારો ઉર્દૂ શેર પેશ કરી આ દ્વિભાષી શાયર જયદીપ ભાઈનો દીપ પ્રજાળશું.

**શબે–ફિરાક કે બુઝતે હુએ ચરાગોં સે,**
**ન સાંસ, જિસ્મ, ન ચાદર કી બાત કરની હૈ.**

**સતીન દેસાઈ 'પરવેઝ' દીપ્તિ 'ગુરૂ'**
એ/૩ અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ. ૭ (મો. ૯૪૨૮૯૦૭૭૭૫)

# કોરોના સંકટથી વર્તમાન સમયમાં નિકાસો વધારવામાં અનેક મુશ્કેલીઓ નડી, વિદેશી મુદ્રામાં ઓટ

સરકારે વર્તમાન વાણિજ્ય વર્ષ ૨૦૨૧-૨૨માં દેશ સમક્ષ ૪૦૦ અબજ ડોલરના માલની નિકાસનું લક્ષ્ય રાખ્યું છે, જો કે, કોરોના પૂર્વેની નિકાસોથી લગભગ ૩૦ ટકા વધુ છે. નિકાસોને વધારવી એટલા માટે જરૂરી હોય છે કે આપણે જરૂરી આયાતો માટે વિદેશી મુદ્રા પ્રાપ્ત કરવી પડે છે. પરંતુ માલની નિકાસોથી આપણે આપણા કિંમતી સંસાધનોની નિકાસ કરીએ છીએ. જેમ કે ચોખાની નિકાસ કરવામાં આપણે આપણી જમીન અને પાણીને ચોખામાં પેક કરીને વિદેશીઓની માંગ માટે મોકલી દઈએ છીએ. પછી આ નિકાસથી પ્રાપ્ત કરેલ રકમથી આપણે બીજો માલ જેમ કે અમેરિકી અખરોટ અથવા સ્વિત્ઝરલેન્ડની ચોકલેટની આયાત કરીએ છીએ. અંતિમ ઉદ્દેશ્ય દેશવાસીઓની માંગની જ છે. આપણે આપણા દ્વારા ઉત્પાદિત માલ જેમ કે ચોખાને સીધા આપણા દેશવાસીઓને આપીને એમની માંગમાં વૃદ્ધિ કરી શકીએ છીએ અથવા પહેલા આપણા માલની નિકાસ કરીને એની અવેજીમાં ચીનમાં બનેલ એલઈડી બલ્બની આયાત કરીને પૂર્નઃ પોતાના દેશવાસીઓની માંગ માટે ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. પ્રશ્ન એ છે કે શું આપણે નિકાસના માધ્યમ થકી આપણા નાગરિકોની માંગ વધારવી જોઈએ અથવા સીધા જ આપણા માલની માંગ વધારવી જોઈએ? જેમ કે દેશમાં ઉત્પાદિત ચોખાને સીધા જ આપણા નાગરિકોને ઉપલબ્ધ કરાવી દેવામાં આવે. અથવા ચીનમાં બનેલ એલઈડી બલ્બને ઉપલબ્ધ કરાવવામાં આવે. સીધું જ દેખાય છે કે જો આપણે સ્વયં એલઈડી બલ્બને ચીનના સમતુલ્ય સસ્તાં બનાવી દઈએ તો ચોખાની નિકાસ અને બલ્બની આયાતનો ઘમંજા રહી જશે નહીં. આજે વિશ્વનું એક જ બજાર સ્થાપિત થઈ ગયું છે. આપણા ઉદ્યોગો ચીનમાં ફેકટરીઓ લગાવીને ત્યાં માલ બનાવીનો ચીનમાંથી ભારત અને અન્ય દેશોની નિકાસ કરી રહ્યા છે. એનાથી સ્પષ્ટ છે કે આપણા ઉદ્યોગકારો પાસો વૈશ્વિક સ્તરની ઉત્પાદન ટેકનોલોજીઓ ઉપલબ્ધ છે અને કાચામાલનું એક જ વૈશ્વિક બજાર છે. જેમ કે એલઈડી બલ્બ બનાવવા છે તો ભારતના ઉદ્યોગકારો આજે એ પસંદ કરે છે કે તે ચીનમાં બનાવીને ચીનમાંથી ભારતને નિકાસ કરે. તે ભારતમાં જ એ એલઈડી બલ્બને બનાવવાનું પસંદ કરતા નથી. જો એમની પાસો ટેકનોલોજી અને કાચોમાલ ઉપલબ્ધ છે. જયારે આપણા ઉદ્યોગકારો દેશમાં એલઈડી બલ્બનું ઉત્પાદન કરવા ઈચ્છતા નથી. આ પરિસ્થિતિમાં વિચારવું કે આપણે દેશમાં એલઈડી બલ્બ જેમ કે તમામ માલનું ઉત્પાદન કરીને નિકાસ વધારી શકશે. લગભગ અસંભવ દેખાય છે. આ સમસ્યાનો એકપક્ષ દેશની ન્યાય વ્યવસ્થા, શ્રમ કાયદા વગેરે છે, જેનાથી આપણા દેશમાં બધા માલનો ઉત્પાદન ખર્ચ વધુ થઈ જાય છે. નિકાસોના સંદર્ભમાં આપણા દેશની નોકરશાહીનો વિરોધ છે. મુંબઈના એક નિકાસકારે પોતાની હક્કીત આ પ્રકારે વર્ણવી છે. એમનો ૪૦ ટનના એક કન્ટેનર કેમિકલની નિકાસ કોઈ વિશેષ દિન સુધી કરવાની હતી. એમનું કન્ટેનર બંદર ઉપર સમયસર પહોંચી ગયું પરંતુ બંદરના ઈન્સ્પેકટરે કહ્યું કે, તે એક કન્ટેનરમાં રાખેલા ૨૫-૨૫ લીટરના ૧૬૦૦ બોક્સના પ્રત્યેકને કાઢીને વજન કરશે. જો ઈન્સ્પેકટર એવું કરે છે તો આ કાર્યમાં બે દિવસ લાગી જાય અને નિકાસકારનો ઓર્ડર કેન્સલ થઈ જાય અને એને ડેમજ પણ આપવું પડતું. આ પરિસ્થિતિમાં નિકાસકારે ઈન્સ્પેકટરને ૫૦,૦૦૦ રૂપિયાની લાંચ આપી અને પોતાના માલની નિકાસ કરી. સરકારને પોતાના ઉદ્યોગો દ્વારા આપણા દેશમાં જ માલના ઉત્પાદનને ના કરવામાં આવતા કારણોને જાણીને એનું નિવારણ કરવું જોઈએ. જેમાં મારી સમજણથી મુખ્ય નોકરશાહીનો અવરોધ છે. વર્તમાન સમયમાં નિકાસોને વધારવામાં કોરોના સંકટનું પણ વિઘ્ન છે. તમામ વિશ્લેષકોનું માનવું છે કે કોરોના સંકટના અલગ અલગ સમયે અલગ-અલગ દેશમાં ઉત્પન્ન થવાના કારણે આજે મોટા ઉદ્યોગો વિદેશોમાંથી આયાત કરેલા માલ ઉપર નિર્ભર થવાનું ઈચ્છતા નથી. એમને ભય રહે છે કે જો કાચોમાલ સપ્લાય કરનારા દેશમાં કોરોનાનું સંકટ આવી ગયું અને માલ સમયસર પહોંચશે નહીં તો એમનું પોતાનું ઉત્પાદન ઠપ્પ થઈ જશે. તેથી આ વૈશ્વિક સ્તાર ઉપર માલના ઉત્પાદનનું 'રાષ્ટ્રીયકરણ' થવાની તરફ આગળ વધી રહ્યા છે. ઉદ્યોગકારો ઈચ્છે છે કે કાચોમાલ સ્વયં બનાવી લે. માલનું ઉત્પાદન વૈશ્વિકરણથી પાછળ હટી રહ્યું છે. આ પરિસ્થિતિમાં આપણા દેશમાંથી નિકાસોને વધારવી ત્રણ કારણોથી કઠિન હશે. પહેલું એ કે પોતાના ઉદ્યોગોને સ્વયં દેશમાં ઉત્પાદન માફક આવી રહ્યું નથી. બીજું એ કે, આપણી નોકરશાહી દ્વારા નિકાસોમાં અવરોધ ઊભો કરવામાં આવી રહ્યો છે અને ત્રીજું એ છે કે વૈશ્વિક બજાર રાષ્ટ્રીયકરણની તરફ વધી રહ્યું છે. છતાં પણ આપણી કેટલીક જરૂરિયાતો જેમ કે પેટ્રોલિયમ ઓઈલ અને ફોસ્ફેટ ફર્ટિલાઈઝરની આયાતો માટે વિદેશી મુદ્રા પ્રાપ્ત કરવા માટે નિકાસોને વધારવી જ પડશે. આ દિશામાં સરકારનો ત્રણ સમસ્યાઓનું નિવારણ કરવું પડશે. પહેલું, જેમ કે ઉપર જણાવવામાં આવ્યું છે કે માલના વૈશ્વિક વ્યાપારનું રાષ્ટ્રીયકરણ થશે પરંતુ જાણકારોનું માનવું છે કે માહિતીના વૈશ્વિકરણ વધુ ઝડપથી થશે. માહિતી અથવા સોફટ માલનો ઈન્ટરનેટના માધ્યમથી સરળતાથી એક સ્થાન ઉપરથી બીજા સ્થાન ઉપર મોકલી શકાય છે. એમાં કોરોના અડચણમાં આવતો નથી. તેથી સરકાર જો ઉત્પાદિત માલની નિકાસ વધારવાના સ્થાન ઉપર સેવાઓ જેવી કે ઓનલાઈન શિક્ષણ, ટેલીમેડિસિન, અનુવાદ, સિનેમા, સંગીત વગેરેની નિકાસ ઉપર ધ્યાન આપીએ તો આપણે સફળ થઈ શકીએ છીએ. સેવાઓના સૂર્યોદય માર્કેટની તરફ આપણે વધવું જોઈએ અને માલના વૈશ્વિક માર્કેટની પાછળ ભાગવું જોઈએ નહીં. બીજું, દેશમાં ઉદ્યોગકારો પોતાનો દેશ છોડીને જો બાંગ્લાદેશ, વિયેતનામ, ચીન વગેરે દેશોમાં જઈને ફેકટરી લગાવી રહ્યા છે એમની પાછળ સામાજિક માળખું થરથરી રહ્યું છે. ઉદ્યોગકારો ઈચ્છતા નથી કે તે પોતાના પરિવાર અથવા પોતાના સ્વયંના જીવનને આ પ્રકારના વાતાવરણમાં રાખે. તેથી એના માટે એ ઉત્તમ રહે છે કે તે એવા દેશોમાં જઈને કાર્ય કરે જયાં એમની પોતાની અને એમના પરિવારની સુરક્ષા નિશ્ચિત થાય. તેથી સરકારને દેશમાં સામાજિક સૌહાર્દતા બનાવવા ઉપર ધ્યાન આપવું પડશે. ત્રીજું, નોકરશાહી દ્વારા જે નિકાસોમાં અવરોધ ઉત્પન્ન કરવામાં આવી રહ્યું છે એના માટે માત્ર ઉપરથી ભ્રષ્ટ અધિકારીઓને સેવાનિવૃત્ત કરવા જો વધુ જરૂરી છે પરંતુ માત્ર એટલું કરવાથી સફળતા મળશે નહીં. જયારે ઉપરથી કડકાઈ કરવામાં આવે છે તો નીચેના અધિકારીઓ કહે છે કે ઉપરથી કડકાઈ થઈ રહી છે. તેથી અમારે લાંચ વધારે જોઈએ. તેથી નીચેના અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચારને રોકવા માટે જન સહયોગની વ્યવસ્થા કરવી પડશે. પ્રજાના સહયોગથી જ નીચેના ભ્રષ્ટાચાર અને નોકરશાહીના અવરોધને દૂર કરી શકાશે. આ પગલાંથી સરકાર છતાં પણ કેટલીક હદ સુધી નિકાસોમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

